
# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 51 ❖ Issue : 07 ❖ Pages : 44 ❖ Mumbai ❖ August 2023 ❖ Price : Rs.8/-



## આપણા સમાજના પહેલા મુખપત્રનાં


## માનનીય તંત્રીશ્રીઓ



શ્રી નરોત્તમભાઈ મંગળજી દોશી

આ અંક ની વિશેષતા માં આપ સહુ માટે એક નવું નજરાણું, સમાજ નુ પહેલા વહેલુ મુખપત્ર 31 મી ઓક્ટોબર ૧૯૭૩ માં ખુબ મહેનત કરીને બહાર પાડેલું તે અક્ષરશ પ્રસિદ્ધ કરેલ છે.

આ અંકમાં પેજ નંબર ૧૩ થી ૩૨



શ્રી મધુકાન્તભાઈ હેમચંદભાઈ ભીમાણી

# ઓગષ્ટમાસના મુખપત્રના સૌજન્ય દાતા



## શ્રીમતી વિમળાબેન કાંતિલાલ શાહ

શ્રીમતી વિમળાબહેનનું નિખાલસ અને નિરાભિમાન વ્યક્તિત્વ, લાગણી પ્રધાન, શાત સૌમ્ય પ્રકૃતિ તેમ જ ધીરજ સહિષ્ણુતા હંમેશા રહેશે.

સમાજની સેવામાં તેમના પતિની કાંતિલાલભાઈને જીવનના દરેક પળે હંમેશા સાથ અને સહકાર આપ્યો છે. તેમનું સમગ્ર જીવન સમર્પણની ભાવનાથી વણાયેલું હતું. તેઓ મીત ભાષી હતા શાંત સ્વભાવ, કુટુંબ પરિવાર પ્રત્યે અસીમ સ્નેહની નિર્મળ ગંગા વહેવડાનાર સાચા અર્થમાં ગૃહિણી હતા. પરિવાર તરફથી જે કાંઈ સામાજિક અને ધાર્મિક કાર્યો અને અનુષ્ઠાનો થયાં તેમાં વિમળાબહેનની પ્રેરણા રહેલી હતી. તેમના પરિવારે તેમના હૃદયની ઈચ્છા અને ભાવનાને સાકાર કરવા માટે માનવતા દયા અને કરૂણાના અનેક કાર્યો કર્યાં હતા.

આદર્શ ગૃહિણી, પ્રેમાળ માતા અને પરિવારના મોભી તરીકે તેમણે સૌ પ્રત્યે પ્રેમ અને સ્નેહ વર્ષાવ્યો હતો. પરિવારની સફળતાનો યશ તેમને ફાળે જાય છે તેમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

તેમના પરિવારના સર્વે સભ્યો જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહે તથા ઈશ્વર સર્વેને દીર્ઘાયુસભર જીવન બક્ષે તેવી પ્રાર્થના

શ્રીમતી વિમળાબહેન તેમના જીવનના અંત સુધી પરિવારની દાનની દરિયાદીલ ભાવનાને પોષતા રહ્યાં અને સહકાર આપતા રહ્યા હતાં. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ બક્ષે તેવી સમાજ તરફથી પ્રાર્થના

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**

### સમાજની કારોબારી સમિતિ


| | |
|---|---|
| શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા......... | પ્રમુખ |
| શ્રી મહેશભાઈ મથુરદાસ સાવડીયા ........... | ત.ભૂ.પ્રમુખ |
| શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા.................... | ઉપપ્રમુખ |
| શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા............. | માનદ્‌મંત્રી |
| શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી......... | માનદ્‌મંત્રી |
| શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા......... | ખજાનચી |
| શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર.......... | મુખપત્ર તંત્રી |
| શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા................ | સભ્ય |
| શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી.............. | સભ્ય |
| શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી................. | સભ્ય |
| શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા............. | સભ્ય |
| શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા................. | સભ્ય |
| શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી................. | સભ્ય |
| શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા............... | સભ્ય |
| શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.................. | સભ્ય |
| શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા.................. | સભ્ય |
| શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા................. | કો-ઓપ્ટ |
| શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા................ | કો-ઓપ્ટ |


**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB0BULLIO, **MICR :** 400012047

**NAME : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂ.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)


**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩, મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


## સ્વરોજગાર યોજના - આર્થિક સહાય

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ દ્વારા સ્વરોજગાર યોજના હેઠળ આર્થિક જરૂરિયાતમંદ લોકોને પોતાનો સ્વતંત્ર ધંધો કરવા માટે રૂપિયા ૨૫૦૦૦/- સુધીની વ્યાજમુક્ત લોન આપવામાં આવશે.

લોન મેળવવા ઈચ્છુક વ્યક્તિઓએ આપણા સમાજની ઓફિસમાંથી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગત ભરીને જરૂરી ડોક્યુમેન્ટ સાથે આપણા સમાજના ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ દેવચંદભાઈ વસાને ત્યાં નીચે એડ્રેસ ઉપર મોકલી દેવા. સમાજના ધારા ધોરણ પ્રમાણે લોન મંજુર કરવામાં આવશે.

**Shri Dhirenbhai Devchand Vasa**
B-801, Kailash Jyot, Building No.1,
Derasar Lane, Ghatkopar (East),
Mumbai - 400077 Mob.: 9820012454

## ડૉ.શાંતિલાલ રતિલાલ કોરડીયા
# મેડિકલ સહાય યોજના

આ યોજના હેઠળ જે પણ વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ થયેલ હોય અને તેમને દવાના ખર્ચ રાહત પેટે રૂ.૫૦૦૦/- સુધી સહાય રૂપે આપવામાં આવશે,

આ યોજના મુંબઈ પરિસરમાં વસતા આપણા સમાજના મેમ્બર્સને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોય તેમના ખર્ચને પહોંચી વળવા માટેની છે જેની નોંધ લેશો.

આ યોજનામાં લાભ લેવા ઈચ્છુક દર્દીને માટે નીચે મુજબના નિયમો છે. એપ્લિકેશન લેટર સાથે નીચે મુજબના જરૂરી દસ્તાવેજો આપણા સમાજના ખજાનચી શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરાને ત્યાં નીચે જણાવેલ એડ્રેસ ઉપર મોકલવા જરૂરી છે.

૧) હોસ્પિટલમાં દાખલ થયેલા એડમિશન કાર્ડની ઝેરોક્ષ
૨) હોસ્પિટલમાંથી મળેલ ડિસ્ચાર્જ કાર્ડની ઝેરોક્ષ (ડિસ્ચાર્જ મળ્યો હોય તો)
૩) મેડિસિન પ્રિસ્ક્રિબશન લેટર ફ્રોમ ડૉક્ટર
૪) દવાના બિલ ઓરિજિનલ અથવા તો ઝેરોક્ષ
૫) દર્દીના આધારકાર્ડની ઝેરોક્ષ

**Shri Yogeshbhai Vinodrai Vora**
503 / 504, Dharam Kutir Apartment,
Kharkar Ali Road, Nr. Police School,
Thane (West) - 400601 M.: 7977779713

# ORACLE INTERNATIONAL

**(An ISO9001:2015 TUV CERTIFIED Company)**
**Manufacturer & Exporter of Brass Components**

**Contact Person :**
**Mr. Jay Shah (Director)**
**Mobile : +91 9624640055**



**Contact Person :**
**Mr. Dhaval Shah (Director)**
**Mobile : +91 99042 24204**

## Factory & Head Office :

Plot No.-10, Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump, Near Kansumra Jamnagar - 361005,
Gujarat (India)Tel. No. (0288) 2568527 / 2568528.
**Email :** info@oracleint.com / sales@oracleint.com
**Website :** www.oracleint.com

**Sister Concern :**
## M/s. Everest Brass Industries


**Factory & Head Office :**

Works - Plot No.10,
Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump,
Near Kansumra, Jamnagar - 361005,
Gujarat India
M. : +91 9428860154 / 9328218008
**Email :** everestbrass@gmail.com

**Mumbai Office :**

Mr. Jayesh Vasa,
C-4, 1st Floor, Shreyas Apt.,
Ashok Road, Near Damodarwadi,
Kandivali (E), Mumbai - 400101.
Mobile : +91 9322266714
Email : jvasa05gmail.com

## તંત્રી સ્થાને થી....



# કૃત્રિમ બુદ્ધિમતા Artificial Intelligence

શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦

સમગ્ર વિશ્વમાં હાલ જેની ચર્ચા ચાલી રહી છે તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (A.I) ની શોધ સમગ્ર માનવ જાતિની જીવનશૈલીમાં એક ભુકંપ લાવી દેશે એવું લાગી રહ્યું છે. હાલ A.I. પ્રથમ તબક્કામાં છે. વિવિધ દેશો ના વૈજ્ઞાનિકો તેના પર દિવસ રાત કાર્ય કરી તેને વધારેમાં વધારે વિકસિત બનાવવાની કોશિશ કરી રહ્યા છે. આમ તો માઈક્રો ચિપ્સ ની શોધ થી ઈલેક્ટ્રોનિક્સ જગતની દુનિયા બદલાઈ ગઈ છે અને દિન પ્રતિદિન તેમાં સુધારા વધારા થતા રહ્યા છે. શરૂઆત ટેલીફોન અને ટેલિગ્રામ થી થઈ ત્યારબાદ આપણા જીવનમાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો નો પગપેસારો વધતો ગયો. હાલ પરિસ્થિતિ એવી છે કે આ ઉપકરણો વગર આપણે જીવન જીવી જ ના શકીયે તેવું લાગે છે. ટેલિગ્રામ-ટેલિફોન થી શરૂ થયેલ આ યાત્રા અવિરત ચાલી રહી છે. ટીવી, માઈક્રોવેવ, મોબાઈલ ફોન, સ્માર્ટ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ ટીવી જેવા અગણિત સાધનો આપણા ઘરોમાં સ્થાન પામી ચુક્યા છે. શરૂઆતમાં કોમ્પ્યુટરના વાયરો એક ઓરડી ભરાઈ તેટલા રહેતા. ધીમે ધીમે તેની સાઈઝ ઘટતા ઘટતા આજે લેપટોપ સુધી આવી ગયેલ છે અને સ્માર્ટફોન પણ કોમ્પ્યુટરનું સ્થાન લઈ રહ્યા છે. હવે વાત કરીએ સ્માર્ટ ઈન્ટેલિજન્સની એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ની આ શોધની શરૂઆત ઘણા વર્ષો પહેલા થઈ હતી, પણ તેમાં સુધારા વધારા દ્વારા હવે તે શોધનો પૂર્ણપણે ઉપયોગ થવા જઈ રહ્યો છે. પ્રાથમિક તબક્કામાં મશીન દ્વારા આપણું ઈચ્છિત કાર્ય કરાવવામાં આવતું હતું. તે યંત્રો ને આપણે રોબોટ તરીકે ઓળખતા હતા. આ રોબોટનો ઉપયોગ શરૂઆતમાં એન્જિનિયરિંગ ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં કરવામાં આવ્યો હતો. ખાસ કરીને મુશ્કેલ કે ભયજનક કાર્યો માટે, અથવા તો જ્યાં વધારે બારીકાઈ કે ચોકસાઈની જરૂર પડતી હોય તેવી જગ્યાએ રોબોટનો ઉપયોગ શરૂ થયો. ધીરે ધીરે મેડિકલ અને બીજા ક્ષેત્રે પણ તેનો બહોળો પ્રમાણમાં ઉપયોગ શરૂ થયો.

રોબોટના ઉપયોગમાં આપણે તેને જે કોઈ કાર્ય સોપતા તે કરી આપતો. શું અને કેટલું કાર્ય કરવાનું છે તે આપણે નક્કી કરતા હતા. રોબોટ ફક્ત આપણા આદેશનું પાલન કરતો હતો. જે કાર્ય તેને સોપવામાં આવે તેનું ચોકસાઈથી અને સમયસર પાલન થતું હતું. માનવ સહજ ભુલ થઈ શકે અને જ્યાં ખુબ જ ચોકસાઈ ભરું કાર્ય કરવાનું હોય તેવા ક્ષેત્રમાં રોબોટ એક વરદાન રૂપ સાબિત થયા. રોબોટને જે કાર્ય સોંપે તે કાર્ય જ કરતા હતા.

A.I. યંત્રો ખુદ વિચારશે અને પરિસ્થિતિ ને અનુરૂપ કાર્ય કરશે. હવે વિચારો કે કોઈ રોબોટિક મશીન તમારા મનમાં ચાલી રહેલા વિચારોનું શબ્દશઃ વર્ણન કરી આપે તે કોઈ ફિલ્મ જોતા હોય તેવું લાગે. પરંતુ વાસ્તવમાં આ પ્રકારના મશીને બનાવવા વૈજ્ઞાનિકો કામે લાગી ગયા છે. A.I.ને માનવ વ્યવહારની બારીકીઓનો અભ્યાસ કરાવાઈ રહ્યો છે. જેથી મશીન તમારા વિચારો જાણી શકે અને તે પ્રમાણે કાર્ય કરી શકે. આ ઉપરાંત કોઈ ખાસ પરિસ્થિતિમાં માનવના મનમાં કેવી રીતે પ્રતિક્રિયાઓ આવી શકે તેની સૂચિ પણ આ મશીન દ્વારા જાણી શકાશે.

હાલમાં યુવા વર્ગમાં સૌથી જાણીતું નામ છે GTP-3 આ એક એવી સિસ્ટમ છે કે તે કોઈ પણ વિષય પર એક નિષ્ણાંતની જેમ કાર્ય કરી શકશે. તેને અપાતા કોઈ પણ કાર્યને તે પૂરેપૂરી ચોકસાઈ સાથે પુરુ કરશે. GTP-3 મનુષ્યની જેમ દરેક કાર્ય કરવા માટે સક્ષમ હશે. વાર્તા-કવિતા લખવાથી માંડીને કોમ્પ્યુટર પ્રોગ્રામનું કોડિંગ, ટવીટ, ઈમેલ, કોઈપણ ભાષાનો અનુવાદ વિગેરે કરી શકશે. તેને કોઈપણ વિષય પર પુછાતા સવાલોના જવાબો એક નિષ્ણાંતની જેમ પુરી ચોકસાઈ અને સચોટતા થી આપી શકશે.

હવે વિચારો કે યંત્રો જો માણસની જેમ વિચાર કરતા થઈ જશે તો મનુષ્ય શું કરશે ? આની તરફેણ અને વિરોધમાં અનેક લેખો લખાઈ ચૂક્યા છે. અમુક લોકો ના વિચાર પ્રમાણે આ શોધ મનુષ્ય માટે ઉપયોગી થવાને બદલે હાનિકારક પુરવાર થઈ શકે છે. જ્યારે કેટલોક વર્ગ એવુ માને છે કે આ શોધ મનુષ્યના જીવન ને વધારે સુખમય બનાવવા માં ઉપયોગી પુરવાર થશે.

**''સમય જ પુરવાર કરશે કે આ શોધ આશિર્વાદરૂપ છે કે શ્રાપરૂપ.''**

## ભાવભરી શ્રદ્ધાંજલી







# સ્વ.હંસાબેન મહેન્દ્રભાઈ કોરડીયા

**મુળવતન : રાણપુર (ભેંસણા), હાલ મુંબઈ અંધેરી**


**જન્મ : ૦૨-૦૮-૧૯૫૧ અરિહંત શરણ : ૨૨-૦૭-૨૦૨૩**

**અમારા ઉપર આપના આર્શીવાદ વરસતા રહે,**
**હૃદય અમારું રડી જાય છે, જોઈ તસવીર આપની**

**હૈયુ માનવા તૈયાર નથી, કે આપની હૈયાતી નથી, આંખના અશ્રુ અમારા સુકાતા નથી**
**હૃદયમાં વાસ તમારા ક્ષણ - ક્ષણ પણ ભૂલાતો નથી.**
**પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમશાંતિ આપે એવી હૃદયપૂર્વક પ્રાર્થના**

**-: પ્રેમાળ પરિવાર :-**





**પુત્ર : વૈભવભાઈ કોરડીયા**
**પુત્રવધુ : સોનલબેન કોરડીયા**
**પૌત્ર : આરવ  પૌત્રી : નાવ્યા**
**સુપુત્રી : મનીષાબેન દીંગનકર**
**જમાઈ : અભિજીત દીંગનકર**
**દોહિત્રી : જીલ**
**હ : મહેન્દ્ર ધીરજલાલ કોરડીયા**

## શુભેચ્છક મિત્ર મંડળ દ્વારા દિવાળીમાં મીઠાઈ યોજના જાહેરાત

શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ મુંબઈ દ્વારા આયોજીત દર વર્ષ મુજબ દિવાળી નિમિતે મિઠાઈ/ફરસાણ તથા ગૃહ પ્રકલ્પ વિતરણ યોજના રાખેલ છે. ફોર્મ તથા ફોર્મ ભરવાની તારીખ વહેલી તકે શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજના મુખપત્રમાં જણાવવામાં આવશે.

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ -મુંબઈ**

**સમાજને ભેટ**

રૂા. ૧૧૧૧/- શ્રી જયસુખલાલ હેમચંદ વસા પરિવાર તરફથી શ્રીમતી વસંતપ્રભાબેનના આત્મશ્રેયાર્થે

**મુખપત્રને ભેટ**

રૂા. ૧૧૧૧/- શ્રી જયસુખલાલ હેમચંદ વસા પરિવાર તરફથી શ્રીમતી વસંતપ્રભાબેનના આત્મશ્રેયાર્થે

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ -મુંબઈ**

**અનાજ વિતરણ ખાતે આવેલી ભેટ**

રૂા.૫૦,૦૦૦/- શ્રી વિશાલભાઈ મણિલાલ શાહ

રૂા.૫૦,૦૦૦/- શ્રીમતી મધુબેન વિશાલભાઈ શાહ

રૂા. ૩૬૦૦/- બિનીતાબેન તુષારભાઈ શાહ

રૂા. ૫૦૦/- ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડીયા તરફથી અ.સૌ.શ્રીમતી સોનલબેન નિલેશભાઈ કોરડીયાના આત્મશ્રેયાર્થે

રૂા. ૫૦૦/- નીતીનચંદ્ર પ્રવિણચંદ્ર દોશી તરફથી ચિ.નેહલના લગ્ન પ્રસંગે

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા તબીબી રાહતમાં ભેટ**

રૂા.૫૧,૦૦૦/- ભાઈશ્રી સંજયભાઈ નટવરલાલ શાહ તરફથી

રૂા. ૧૧૧૧/- શ્રી જયસુખલાલ હેમચંદ વસા પરિવાર તરફથી સ્વ. વસંતપ્રભા જયસુખલાલ વસાના આત્મશ્રેયાર્થે

રૂા. ૧૦૦૦/- પ્રવિણચંદ્ર મનસુખલાલ શેઠ પરિવાર તરફથી ભાઈશ્રી પ્રવિણચંદ્ર મનસુખલાલ શેઠના આત્મશ્રેયાર્થે

**આર્થિક સહાય ખાતે ભેટ**

રૂા. ૧૧૧૧/- શ્રી જયસુખલાલ હેમચંદ્ર વસા પરિવાર તરફથી સ્વ.વસંતપ્રભા જયસુખલાલ વસાના આત્મશ્રેયાર્થે

રૂા. ૫૦૦/- નીતીનચંદ્ર પ્રવિણચંદ્ર દોશી તરફથી ચિ. નેહલના લગ્ન પ્રસંગે

## હાર્દિક અભિનંદન

કુમારી યશ્વી વિપુલભાઈ દોશી ૧૨માં ધોરણ (કોમર્સ)માં ૯૫.૫% માર્ક સાથે પાસ થયેલ છે. કુમારી યશ્વીને સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ તરફથી હાર્દિક અભિનંદન અને આગળના અભ્યાસ માટે હાર્દિક શુભેચ્છા.

## બે દિવસ ગયા રાહ જોવામાં

બે દિવસ ગયા રાહ જોવામાં, બે ગયા દુઃખમાં
હિસાબ કરૂં છું હજુ કેટલા ઉનાળા માથે વીતવાના છે
સો વાર ચંદ્ર આવ્યો તારા ખીલ્યા રાત્રિ મસ્ત થઈ
રોટલાનો ચંદ્ર શોધવામાં જિંદગી બરબાદ થઈ
મારૂં સર્વસ્વ આ મારા હાથ એ ગીરવે રહ્યા દારિદ્ય પાસે
ડોક ઊંચી કરતા જોયા વાઢેલા પણ જોયા
હરઘડી આંસુ સુકવ્યા નહિ પણ એવીય ક્ષણ આવી!
જ્યારે આંસુ મિત્ર થઈને દોડ્યાં
દુનિયાનો વિચાર કરી કરી દુનિયામય થયો
દુઃખ સહન કરૂં? ફરીથી કેમ જીવવું?
આ જ નિશાળમાં શીખ્યો
ભઠ્ઠીમાં પોલાદ ઘડાય તેમ જિંદગી ઘડાય
બે દિવસ રાહ જોવામાં ગયા બે ગયા દુઃખમાં

**સામાન્ય મિલ કામદારો વચ્ચે ચિંચપોતલીમાં ઉછરેલા માર્ક્સવાદી મરાઠી કવિ નારાયણ સુર્વે**
**(અનુવાદ વસંત જોશી)**

## આભ વરસે તો....

આભ વરસે તો હું છત્રી લઈ લઉ પણ
નયન વરસે તો હું શું કરૂં?
સિંહ ગરજે તો હું ભાગી યે જઊં,
પણ કોઈકનો અહંકાર ગરજે તો હું શું કરૂં?
પગમાં કાંટો ખટકે તો કાઢી લઊં,
પણ કોકની વાત મનમાં ખટકે તો હું શું કરૂં?
પીડા છલકે તો હું ગોળી લઈ લઉં,
પણ વેદના છલકે તો હું શું કરૂં?
રસ્તે દેખાઓ તો સામેથી બોલાવી લઉં,
પણ તમે રસ્તો બદલી નાખો તો હું શું કરૂં?

## ૪૨મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



# સ્વ. ન્યાલચંદ કલ્યાણજી પારેખ

**હે પરમ કૃપાળુ પરમાત્મા, સદ્‌ગત આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પે એવી અમારા સહપરિવારની પ્રાર્થના....**

**આપનો મિલનસાર સ્વભાવ,નિર્મળ હ્રદય, ધર્મપ્રેમ, વિવેક શક્તિ અને દરેક કુટુંબીજનોને તથા ગ્રામવાસીઓને ઉપયોગી થવાની સદ્‌ભાવના નિરંતર યાદ રહેશે. આપનું આદર્શમય જીવન અમોને હંમેશા પ્રેરણા આપતું રહેશે. પ્રેમ, સ્નેહ અને સંસ્કાર વડે આપે અમારા જીવનનું ઘડતર કર્યું એ આપના ઉપકાર કદી ભૂલી શકીશું નહિં, આપની અમી દ્રષ્ટી અમારા પર વરસતી રહે**

## શ્રી પારેખ ન્યાલચંદ કલ્યાણજી પરિવાર

**પુત્ર તથા પુત્રવધુ** : રમણીકલાલ - મંગળાબેન, પ્રાણલાલ - રમીલાબેન, અરવિંદભાઈ-મૃદુલાબેન, ધીરજલાલ - ઉષાબેન, ચંદ્રકાંત - હંસાબેન, જગદીશ - સોનલબેન

**દિકરી–જમાઈ** : સરોજબેન - રસીકલાલ

**પૌત્ર – પૌત્રવધુ** : નીલેશ - ભાવના, રાજેશ - જલ્પા, નીરવ - ખ્યાતિ, સચિન - રીના, પરાગ - શ્રધ્ધા, તેજસ - અલ્પા, જીમિત

**પૌત્રી–જમાઈ** : તરુણા-મુકેશકુમાર, નીલ્પા - નિકુંજકુમાર, હેતલ - દેવાંગકુમાર, વિશાખા - પલ્લવકુમાર, વૈશાલી - ચિરાગકુમાર, અલ્કા - ચિરાગકુમાર, સપના - વિરલકુમાર, ભાવના - પ્રશાંતકુમાર

**દોહિત્ર – દોહિત્રવધુ** : સંજય - પારૂલ, હેમાંશુ - એકતા

**દોહિત્રી – જમાઈ** : સંગીતા - કિરણકુમાર, વિલ્પા - હિતેશકુમાર

**પ્રપૌત્ર – પ્રપૌત્રી** : સંકેત, ધ્વનિ, જોલીન, રિધ્ધિ, હર્ષિલ, ભવ્ય, પ્રીત, વિહાન, વિરતી, વંદિત, જીનય

**૨૫, હંસ લક્ષ્મી સોસાયટી, બીજે માળે, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦ ૮૦ ફોન : ઘર - ૦૨૨ ૨૫૬૭૭૬૦૨, મો. : ૦૯૯૨૦૯૧૮૬૪૦ - ૦૯૯૩૦૫૮૬૬૦૩**

Kayami - Aug.

# ''અહિંસા પરમો ધર્મ'' જગતને મહાવીરનો સંદેશો
# જૈન વિચારધારામાં આદર્શ સમાજ રચના માટેના ઉત્તમ સિદ્ધાંતો

– શ્રી મહેન્દ્રભાઈ પુનાતર

જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિનું પ્રદાન છે. જીવનની મૂળભૂત સમસ્યાઓનું તેમાં સમાધાન છે. મહાવીરદર્શનનો મૂળભૂત આધાર અહિંસા, પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ, દયા, કરૂણા અને સમાનતાનો ભાવ છે. સંસારની બધી સમસ્યાઓના મૂળમાં અસમાનતા રહેલી છે. આ અસમાનતા દૂર થાય તો માનવ જાતની મોટા ભાગની સમસ્યાઓનો અંત આવી જાય. માણસ માણસ વચ્ચે ભેદભાવ કરાવનારા અને અંતર ઉભું કરનારા ત્રણ મુખ્ય બળો છે ઈચ્છા. આસક્તિ અને તૃષ્ણા. આ ત્રણે બળો પર માણસ વિજય મેળવે તો દુઃખ દર્દનો નાશ થાય અને માણસ આંતરિક શાંતિનો અનુભવ કરી શકે.

જૈન વિચારધારામાં ભગવાન મહાવીરે પ્રરૂપેલા સિદ્ધાંતો આદર્શ સમાજ રચના માટેના ઉત્તમ સિદ્ધાંતો છે જો સમાજમાં ઉચ્ચ નીચના ભેદભાવ ન હોય, અસમાનતા ન હોય, પરિગ્રહ અને સંયમની ભાવના ન હોય, અહિંસા, દયા, કરૂણા અને પ્રેમ હોય, અને ક્ષમા - મૈત્રીનો ભાવ હોય એ સમાજ કદી દુઃખી અને લાચાર કે અશાંત હોઈ શકે નહીં. જૈન પરંપરાએ જીવન જીવવાનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે. પરિગ્રહ અને ધનનો સંચય ન હોય તો આર્થિક અસમાનતા ઓછી થઈ જાય. શોષણ, સંગ્રહખોરી, કાળાબજાર, છેતરપિંડી દૂર થાય અને કુદરતી સાધનોનો જીવન જીવવા માટે સંયમપૂર્વક જરૂર પૂરતો ઉપયોગ થાય અને પર્યાવરણની સમતુલા ડગે નહીં તો માનવજાત સુખરૂપ રહી શકે. કુદરતે આ પૃથ્વી પર તમામ જીવો પોતાની રીતે જીવી શકે એવી સુંદર વ્યવસ્થા કરી છે. પરંતુ માનવીએ આ સમતુલાને ડગમગાવી દીધી છે. પ્રદૂષણ અને શોષણ રહિત અહિંસક સમાજ રચનાનો ખ્યાલ ભગવાન મહાવીરે આપ્યો છે.

જૈન ધર્મમાં અહિંસાને અનેરૂ મહત્વ આપવામાં આવ્યું છે. જૈન ધર્મમાંથી અહિંસાને બાદ કરી નાખો તો કશું બચે નહીં જૈન ધર્મ સિવાય દુનિયામાં બીજો કોઈ ધર્મ નથી જેણે અહિંસાને પોતાનું શિખર બનાવ્યું હોય. મહાવીરની સમગ્ર વિચારધારામાં અહિંસાનું મહત્વ અનોખું છે. અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે. એટલે જ કહેવાયું છે કે ''અહિંસા પરમો ધર્મ'' ધર્મ મંગળ છે. ક્યો ધર્મ ? અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ. અહિંસા ધર્મનો આત્મા છે. મહાવીરે હિંસાના સુક્ષ્મ સ્વરૂપનો વિચાર કર્યો છે. કોઈને મારી નાખવાથી જ માત્ર હિંસા થાય છે એવું નથી. કામ, ક્રોધ, લોભ અને પરિગ્રહ પણ હિંસાના સ્વરૂપો છે. વસ્તુઓ અને વ્યક્તિઓ પરનું આધિપત્ય એ પણ હિંસા છે. જો માલિકીનો ભાવ ખતમ થઈ જાય તો પરિગ્રહ પણ રહે નહીં અને હિંસા પણ રહે નહીં. ભગવાન મહાવીરે કહ્યું છે કે તમામ જીવો પ્રત્યે આત્મવત ભાવ રાખો. જેવું તમને ઈચ્છો છો તેવું બીજા પ્રત્યે દાખવો. પ્રાણી માત્ર સુખ ઈચ્છે છે. આ સુખનો ભાવ સ્વભાવગત છે.

જૈન ધર્મમાં કહ્યું છે કે ''જીવ વહો અપ્પ વહો'' કોઈ પણ જીવની હત્યા એ પોતાની હત્યા છે. જીવદયા એ આપણા પોતાના પરની દયા છે. મહાવીરના વચનો છે કે ''તમે પોતાના માટે જે ઈચ્છો છો તે બીજાને માટે પણ ઈચ્છો. અને જે તમારા માટે ઈચ્છતા નથી એ બીજા માટે પણ ઈચ્છો નહીં'' જિન શાસનનો આ મુખ્ય સાર છે. આ સૂત્રમાં મહાવીરે ઈચ્છાની ધારને નાબૂદ કરી છે. આપણે આપણા માટે જેવું ઈચ્છીએ એવું બીજા માટે ઈચ્છવાનું હોય તો ઈચ્છાનો કશો અર્થ રહે નહીં.

મહાવીરે એક મહત્વપૂર્ણ વાત કરી છે ''તમે તમારા શત્રુ છો અને તમે તમારા મિત્ર છો'' કોઈ બીજો શત્રુ નથી. તમે યોગ્ય માર્ગે ચાલો છો ત્યારે તમે તમારા મિત્ર છો અને ખોટા માર્ગે ચાલો છો ત્યારે તમે તમારા દુશ્મન છો. આપણે ક્રોધ કરીએ છીએ ત્યારે સામા માણસને દુઃખ પહોંચે છે કે કેમ તે નિશ્ચિત નથી. પરંતુ આપણને પોતાને દુઃખ પહોંચે છે તેમાં કોઈ શંકા નથી. ક્રોધ શાંત બનીને થઈ શકતો નથી. એને માટે ઉકળવું પડે છે. સુખ અને દુઃખ આપણને કોઈ આપી શકતું નથી. સિવાય કે તે લેવા માટે આપણે ઉત્સુક હોઈએ. આ બધા સૂત્રો જીવન માટેના ઉપયોગી સૂત્રો છે. જીવનના તમામ વ્યવહારમાં તે યથાર્થ છે. ક્રોધ, લોભ, મોહ, પરિગ્રહ, સુખ-દુઃખ, આશા અપેક્ષા આ બધાને પાર કરીને માણસે કેવી રીતે

જીવવું એ મહાવીરદર્શને બતાવ્યું છે. જીવનના સંદર્ભમાં આપણે મહાવીર દર્શનની ઝલક જોઈ. હવે આપણે વિશ્વની દ્રષ્ટિએ તેનું શું મહત્વ છે તેનો ખ્યાલ કરીએ.

દુનિયાના મોટાભાગના ધર્મો સેવાના ધર્મો છે. જૈન ધર્મે આત્મ કલ્યાણ પર ભાર મૂક્યો છે. આમ છતાં જૈન ધર્મમાં સેવાનો જે ખ્યાલ કરવામાં આવ્યો છે તે અનોખો છે. તેનો ખરો અર્થ લોકોને સમજાયો નથી. જૈન ધર્મ કહે છે વૈયાવૃત - સેવા એ શ્રાવકનું પરમ કર્તવ્ય છે. પરંતુ આમાંથી કશું મેળવવાનું નથી. કશી અપેક્ષા રાખવાની નથી. સેવા દ્વારા પુણ્ય મળશે. સેવા દ્વારા સ્વર્ગ મળશે એવો અર્થ અન્ય ધર્મોએ બતાવ્યો છે. આમાં સેવા સાધન છે અને મુક્તિ સ્વર્ગ સાધ્ય છે. આમાં સેવાનું પ્રયોજન હેતુ રહેલો છે. સેવાની આ ધારણા વાસના પ્રેરિત છે. મહાવીરનો સેવાનો અર્થ છે જેમાં કોઈપણ જાતનું પ્રયોજન નહીં હોવું જોઈએ. જેમાં કોઈ હેતુ હોય, કાંઈ મેળવવાનું હોય તે સેવા ગણી શકાય નહીં. સેવા એકદમ નિષ્પ્રયોજન અને હેતુ વિહીન હોવી જોઈએ. સેવા ધર્મ છે. તેમાં કશી અપેક્ષા રાખવાની નથી. જ્યાં પણ સેવાની જરૂર હોય ત્યાં નિસ્વાર્થ ભાવે આ કર્તવ્ય બજાવવાનું છે.

જૈન ધર્મનું મહત્વનું પ્રદાન શાકાહાર છે. આહાર માટે કોઈપણ જાતની હિંસાનો નિષેધ છે. શાકાહાર આરોગ્ય માટે પણ ખૂબ જ ઉપયોગી છે એવું હવે દુનિયાના લોકો માનતા થયા છે. અને શાકાહાર તરફથી ઝુંબેશ આગળ વધી રહી છે. શાકાહારથી આહાર માટે મોટા પાયા પર થતી હિંસાને રોકી શકાય તેમ છે. જૈન ધર્મે પર્યાવરણ પર વિશેષ ભાર મૂક્યો છે. મહાવીરે કહ્યું છે કે જીવનના તમામ આયામોમાં સંતુલન જરૂરી છે. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને આકાશ એ જીવનના તત્વો છે. તેનો સંયમપૂર્વક ઉપયોગ થવો જોઈએ. માનવજાતે કુદરતી સંપતિનો બેફામ ઉપયોગ કરીને આ ધરતીને નરક જેવી બનાવી નાખી છે. આપણે જંગલોને કાપી નાખ્યા છે અને સજીવ સૃષ્ટિનો નાશ કર્યો છે. પૃથ્વી પરનું આ નિકંદન ચાલુ રહેશે તો સર્વનાશ સિવાય બીજો કોઈ આરો રહેશે નહીં.

અનેકાન્તવાદ - સ્યાદવાદ એ મહાવીરની આ જગત માટેની અનોખી ભેટ છે. દુનિયામાં જે કાંઈ સંઘર્ષો છે એના મૂળમાં હું કહું એ જ સાચું એવો આગ્રહ રહેલો છે. જગતમાં જે કાંઈ વિવાદો છે એ સત્યના વિવાદો નથી. પણ હું ના વિવાદો છે. સત્યના અનેક પાસાઓ છે. આ બધા પાસાઓને જોડીને સત્ય તરફ આગળ વધી શકાય છે. સત્યની સંપૂર્ણ અભિવ્યક્તિ શક્ય નથી. આખેં જોયેલું અને કાને સાંભળેલું પણ સંપૂર્ણ સત્ય કદાચ હોઈ શકે નહીં. જોતી વખતે એને સાંભળતી વખતે માણસ પોતાના રંગોને તેમાં પૂરી લે છે. મહાવીરનું સત્ય વિશાળ અને અસીમ છે જેમાં બીજાના સત્યોનો પણ સમાવેશ થાય છે. એટલે જ મહાવીર એવી વ્યક્તિ છે જે પોતાના વિરોધીને પણ તું સાચો હોઈ શકે છે એમ કહી શકે છે. દુનિયામાં બીજાના સત્યને આપણે સમજી શકીએ તો મોટાભાગની વિટંબણાઓ દૂર થઈ શકે. મહાવીર કહે છે કોઈ પણ જાતનો આગ્રહ ન રહે અને બીજાના મતનો પણ સ્વીકાર થાય ત્યારે સત્ય સુધી પહોંચી શકાય છે.

મહાવીરે જીવન અને ધર્મની ઘણી તરલ વાતો કહી છે. મહાવીરનો અહિંસાનો સંદેશો જગતના લોકો સુધી હજી પહોંચ્યો નથી. આ માટે પૂરતા પ્રયાસો કરવાની જરૂર છે. મહાવીરના સિદ્ધાંતો જગતને સમજાય એની આજે તાતી જરૂર છે. મહાવીરના અહિંસાના સંદેશાને જગત યથાર્થ રીતે સમજશે તો વિશ્વને દુઃખ અને અશાંતિમાંથી બહાર કાઢી શકાશે. આ અમૂલ્ય ખજાનો છે. જગતના તમામ લોકો સુધી તે પહોંચવો જોઈએ.

## કોઈનું કોઈ નથી

**-ફાલ્ગુની સંજય મહેતા (સોરઠ વંથલી)**

**જીંદગી માં કોઈ હવે ફરીયાદ નથી,**
**કેમ કે ફરીયાદ કરવાનો કોઈ અર્થ નથી.**
**વ્યસ્તતા વચ્ચે તને રોજ યાદ કરૂં છું,**
**યાદ વગરની વ્યસ્તતા એવો કોઈ દિન નથી.**
**આંખના ખૂણે થી કેટલા પાણી વહ્યા યાદ નથી,**
**શાંત ચહેરે કેટલુ હસ્યો યાદ નથી,**
**તારી યાદમાં કેટલું ભીંજ્યો યાદ નથી,**
**તને યાદ કરવામાં હું કેટલુંય ભૂલ્યો યાદ નથી,**
**દૂર રહે છે તું મારી દુનિયાથી મને કોઈ ફરીયાદ નથી.**
**યાદ રાખવાનું તે જ શીખવ્યું હતું એ પણ તને યાદ નથી.**
**તારા સિવાય મારી પાસે હવે કાંઈજ નથી,**
**બાકી જિંદગીમાં કોઈ ફરીયાદ નથી.**

।।શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।।
।।વાપી ભૂષણતીર્થમંડન, શ્રી ઋષભદેવાય નમઃ।।
।।અનંતલબ્ધિનિધાન ગૌતમગણધરાય નમઃ।।
।।ગુણસંપન્નસમૃદ્ધ સુધર્માસ્વામિને નમઃ।।
।।પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદ-કમલ-દાન-પ્રેમ-રામચંદ્ર જિતમૃગાંક સૂરીશ્વરેભ્યો નમઃ।।

# ૐ પ્રખર સેવાવ્રતી પૂજ્ય મુનિપ્રવર શ્રી કુલભૂષણ વિજયજી મા.સા.નો મિતાક્ષરી પરિચય ૐ

**સંસ્કારી નામ : છબીલભાઈ** — **માતા : છબલબેન**
**પિતા : જીવણભાઈ દોશી** — **જન્મ : વિ.સં.૧૯૯૭, ફા.સુ.૧૦**
**સ્થળ : જેતપુર (કાઠી)** — **વતન : મોટીમારડ**
**જ્ઞાતિ : સોરઠ વિશાશ્રીમાળી**
**ગૃહસ્થ : ૨૧ વર્ષ, સંયમ - ૬૦ વર્ષ, આયુષ્ય - ૮૨ વર્ષ ચાલૂ**
**કાલધર્મ : વિ.સં.૨૦૭૮, વૈ.વ. અમાસ સવારે ૬.૦૦ વાગે ભૂષણ તીર્થ વાપી**

વંદના / અનુવંદના / ધર્મલાભપૂર્વક જણાવવાનું
ધર્માનુરાગી મૈત્રીભાવના ધારક ........................

મારો પડછાયો, મારા સદાના સાથી, સંગાથી, તપ સેવાવ્રતી, લઘુબંધુ મુનિવર શ્રી કુલભૂષણ વિજયજી, દેવ-ગુરુ-ધર્મની અનુપમ સેવાના પ્રભાવે સ્વજાગૃતિપૂર્વક મારા મોઢે નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતા કરતા પરમ સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. કરાલ કલિકાલમાં પૂજ્ય પિતાશ્રીને જૈન પ્રવચનના માધ્યમે દૂર દૂર પશ્ચિમ બંગાળ કલકત્તામાં પણ સહધર્મની પ્રાપ્તિ થઈ. અને કલ્યાણ મિત્રોના પ્રભાવે સદ્ગુરૂનો સંપર્ક થયો. ગર્ભશ્રીમંત પરિવારમાં જન્મ અને અઢળક સંપત્તિ એમને સંસારમાં ફસાવી ન શકી. વિ.સં.૨૦૧૩માં જબલપુરમાં અપૂર્વ વૈરાગ્ય સાથે દીક્ષિત થયા. સંસ્કારના મૂળીયા એટલા બધા મજબૂત રોપેલા કે પિતાશ્રી દીક્ષિત બન્યા, માતા સ્વર્ગવાસી બન્યા હતા છતાં બંને યુવાન પુત્રોએ બધા જ પ્રલોભનો છોડી તરછોડીને સંયમ સ્વીકાર કર્યો. મારી દીક્ષા ૨૦૧૪ જે. સુ.૬ કસુંબાવાડ અમદાવાદમાં થઈ. લઘુબંધુ છબીલ, છેલછબીલો હતો. યૌવન સહજ સદ્ગુણો અને દુર્ગુણો બધા જ એનામાં હતા. પરોપકારી હતો ને મોજીલો પણ હતો. કોઈનું પણ દુઃખ દૂર કરવા તત્પર હતો અને સાથે એક પણ સુખ છોડવા તૈયાર ન હતો. પૂજ્ય ગુરૂદેવ પંન્યાસપ્રવર શ્રી મૃગાંક વિજયજી ગ.મ.ના પાલિતાણા ચાતુર્માસમાં વેયાવચ્ચ માટે છબીલને બોલાવાયો. સિદ્ધગીરિ ને સિદ્ધ મહાપુરુષોના પારસમણીસમા સ્પર્શે છેલ છબીલો છબીલ, અબીલ-ગુલાલ બન્યો. લોઢાને સુવર્ણ બનવાના અરમાન થયા. ૨૦૧૮ ચૈત્રવદ ૫ ના જ્ઞાન મંદિરમાં પૂ.આ.ભ.શ્રીમદ વિજય પ્રેમ રામચંદ્ર સૂ.મ.સા.ના પાવન હસ્તે રજોહરણની પ્રાપ્તિ થઈ ચાન્દ્રકુળના ભૂષણસમા સમુદાયના મિલનનો અવસર હતો. વણઉકલ્યા પ્રશ્નોના ઉકેલ આવ્યા હતા. એ ખુશીની યાદગીરીમાં છબીલનું નામ મુનિશ્રી કુલભૂષણ વિજયજી રાખવામાં આવ્યું. સાધનાનો શુભારંભ થયો, ગુરૂગ્લાન - વૃદ્ધ સાધુજનની સેવા જીવનવ્રત બની ગયું. વડીલોની નજર સૌથી પ્રથમ એમના પર ઠરતી કે આ સાધુ-સેવા-વૈયાવચ્ચ ક્ષેત્રમાં સમુદાયનું નામ અજવાળશે. દાદાગુરૂદેવ પૂ.આ.ભ.શ્રીમદ્ વુજ રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાએ નામોલ્લેખ સાથે વૈયાવચ્ચ ગુણની અનુમોદના કરી હતી ને શ્રી સંમેતશિખર તીર્થરક્ષાના સમયે શ્વેતાંબરપક્ષના જ્વલંત વિજય માટે આજીવન ઉપવાસ કરવાનો અવસર આવે તો મુનિરાજ શ્રી કુલભૂષણ વિજયજીના શિર પર કળશ ઢોળ્યો હતો.

૩૬-૩૦ ઉપવાસ, વિસસ્થાનકતપ, વરસીતપ, વર્ધમાન તપ, આદિ તપને વિશિષ્ટ પ્રકારે આરાધ્યા હતા. વિસસ્થાનક અંતિમ ઓળી સળંગ ૨૦ ઉપવાસથી કરીને શિખર ચડાવ્યું હતું. વરસીતપમાં અંતિમ અઠ્ઠાઈ કરીને પારણાના દિવસે યાત્રા કરીને, દાદાને ભજીને વ્યામોહ તજીને શાંત ચિત્તે યાત્રા સંપન્ન કરી પારણું કર્યું. સકલ સમુદાય અને વિશેષથી પૂજ્ય પિતાગુરૂદેવ શ્રી જયભૂષણ વિજયજી મ.સા.ની પ્રસન્નતા - સમાધિ વધતી રહે એ રીતે સેવા કરવાનો સ્વભાવ બનાવ્યો હતો. શાસન-સંઘ-સ્વાધ્યાય-જાપ-પ્રવચન-વાચના આદિ મારા કાર્યોમાં સદા માટે એ સહાયક બનતા. શ્રુતસેવાના મારા કાર્યોમાં તેઓ શ્રેષ્ઠ ઉત્તરસાધક સાબિત થયા હતા. જીવન માર્ગમાં ને સમગ્ર સંયમ જીવન દરમિયાન જ્યારે જ્યારે કર્મના ઉદયથી કંટક કે સંકટ આવ્યા, બીમારીઓ આવી, સ્થીરવાસમાં મુસીબતો આવી, છેલ્લા વર્ષોમાં મહા રોગો મહેમાન બનીને આવ્યા ત્યારે ત્યારે સત્વ-સહનશીલતાના પ્રભાવે એમણે સમાધિભાવ અખંડ રાખ્યો હતો. પરમાત્માના શાસનના પ્રભાવે વાપી શ્રી સંઘના ભાવસમૃદ્ધ અગણિત શ્રાવક-શ્રાવિકાઓ અમારી ઉત્તમ સેવા વૈયાવચ્ચ કરી રહ્યા છે. તે સૌની અને ગામ-પરગામના વિવિધ શ્રી સંઘોના અનેક ચાહકોએ પણ અવારનવાર આવીને તેમની ગુણસમૃદ્ધિના દર્શન કર્યા હતા. વૈશાખ વદ અમાસના દિવસે સહજ સ્વસ્થતા સાથે પૂર્ણ સમાધિપૂર્વક શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતા કરતા કાળ ધર્મ પામ્યા, અકલ્પનીય વિદાય હતી. દેવ ગુરુ ધર્મ અને સમ્યગ્ જ્ઞાનની કૃપાથી હું પૂર્ણ સ્વસ્થ હતો અને છું. કાલધર્મ પછી તેમને નીચે વ્યાખ્યાન હોલમાં પધરાવવામાં આવ્યા. ભાવિક ભક્તોએ દર્શન વંદન પૂજન આદિનો લાભ લીધો. લગભગ અઢી વાગે આ.વિ.ધર્મદર્શન સૂ.મ., સાધ્વીજી ભગવંતો આદિ પણ આવી ગયા. પાલખી તૈયાર થઈ ગઈ, ઉછામણી બોલાઈ. સાંજે ૪.૦૦ વાગે અંતિમ યાત્રા નીકળી. અમોએ ઉપાશ્રયમાં દેવ વંદન આદિ વિધિ કરી. અજીતનગરમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. એમના કાલધર્મ પછીના પહેલા રવિવારે તેમના સંયમ જીવનની અનુમોદનાર્થે સવારે ૯.૦૦ વાગે ગુણાનુવાદ અને બપોરે અંતરાયકર્મ નિવારણ પૂજા પ્રભાવના આંગી આદિ અનુષ્ઠાન થયા.


પૂજ્યોની કૃપા અને આશિર્વાદના પ્રભાવે મારી તબિયત એકંદરે ઠીક છે. આપ સૌને યથાયોગ વંદના-અનુવંદના-ધર્મલાભ-સુખશાતા આદિ પાઠવું છું. અમારા લાયક કંઈ પણ કામકાજ-સૂચન આદિ હોય તો જણાવશો.

**લિ.ર.ભૂ.સૂરિ.**
**પ્રેષક**
**આ.વિ.રત્નભૂષણ સૂરિ. સ્વામી મુક્તાનંદ માર્ગ, વાપી (વેસ્ટ) પિનકોડ - ૩૯૬૧૯૧**
**દીપકભાઈ મોબાઈલ નંબર - ૯૯૧૩૩૭૩૨૦૯**

''સોરઠ વિશા શ્રીમાળી'' મુખપત્રનો પ્રારંભ ૧૯૭૩ની ૩૧મી ઓક્ટોબરે થયો હતો

# પ્રથમ અંક અને તેની પાછળનાં ઈતિહાસની એક ઝલક

- મહેન્દ્ર પુનાતર



મુખપત્ર સમાજનું દર્પણ હોય છે. તેના દ્વારા સમાજની ગતિવિધિનો ખ્યાલ આવે છે. સમાજને એક તાંતણે બાંધવામાં મુખપત્રની અહમ ભૂમિકા છે. આવો ખ્યાલ સમાજના કેટલાક લોકોને ૧૯૭૦ના ગાળામાં આવી ગયો હતો. જ્ઞાતિમાંથી સમાજનો ઉદભવ થયો હતો. આ સંક્રાંતિ કાળ હતો. પરિવર્તનનો સમય હતો. સમાજમાં કેટલાક પરિવારો વેપાર ધંધામાં આગળ આવ્યા હતા અને સમૃદ્ધ બન્યાં હતાં. સમાજમાં થોડી જાગૃતિ ઉભી થઈ હતી. યુવાનોમાં સમાજ કક્ષાએ કંઈક નવું કરવાના મનોરથ જાગ્યા હતા. ઉત્સાહ અને ઉન્માદ હતો. નવા સમૃદ્ધ વર્ગમાં સમાજમાં આગળ આવવાની ભાવના ઉભી થઈ હતી. સમાજની રચના થયા પછી શ્રી નવીનભાઈ ભીમાણીની આગેવાની હેઠળ નવી યુવાનોની કમિટી રચાઈ હતી. સમાજને જૂની ઘરેડવાથી બહાર કાઢીને નવા યુગમાં મુકવાનો યુવાનો દ્વારા પ્રયાસ થયો હતો. નવી કમિટીમાં સારા સેવાભાવી કાર્યકરો પણ હતાં. આમાં શ્રી મધુભાઈ ભીમાણી અને શ્રી નરોત્તમ દોશી સમાજનું મુખપત્ર શરૂ કરવાના હિમાયતી હતા. અને તેમણે આ અંગેની જવાબદારી સંભાળવાની તૈયારી બતાવી હતી. શ્રી મધુભાઈ ભીમાણીએ તો આ પહેલાં પોસ્ટકાર્ડ દ્વારા ''સેતુ'' નામનું પત્ર બહાર પાડીને આ અંગેની જ્યોત પ્રગટાવી હતી.

આપણા મુખપત્રની રીતસરની શરૂઆત ૧૯૭૩માં થઈ હતી. સોરઠ વિશા શ્રીમાળી મુખપત્રનો પ્રથમ અંક૧૯૭૩ની ૩૧ ઓક્ટોબરે પ્રસિદ્ધ થયો હતો. ૧૮ પાનાનો આ અંક સાદા કાગળમાં પાનાઓ છાપીને તેને સ્ટેપલર પીનથી જોડીને તૈયાર કરવામાં આવ્યો હતો. તેના તંત્રી હતાં શ્રી નરોત્તમ મંગળજી દોશી અને શ્રી મધુભાઈ હેમચંદ ભીમાણી. આ પ્રથમ અંક મિલન પ્રિન્ટિંગ એન્ડ સ્ટેશનરી માર્ટ, ઘોઘા સ્ટ્રીટ મુંબઈ-૧ ખાતેથી પ્રસિદ્ધ થયો હતો. મુખપત્રનું વાર્ષિક લવાજમ ત્રણ રૂપિયા રખાયું હતું.

મુખપત્રના પ્રથમ અંકમાં મધુભાઈ ભીમાણીઓ ''જાગૃતીની પળ'' તંત્રીલેખમાં મુખપત્ર શરૂ કરવાની પૂર્વ ભૂમિકાનો ખ્યાલ આપ્યો હતો અને સમાજ કક્ષાએ જાગૃતિ ઊભી કરવા મુખપત્રની ઉપયોગીતાની વાત રજૂ કરી હતી. આ અંકમાં મહાનુભાવોના અવતરણો ટાંકીને તેમણે ઉલ્લેખ કર્યો હતો કે પંથ લાંબો છે અને ઘણાં રસ્તાઓ હજુ ઓળંગવાના છે. પ્રથમ અંકમાં ચાર લેખો, થોડા રમૂજી ટૂચકા અને થોડી કાવ્ય રચનાઓ રજૂ થઈ હતી. પ્રથમ અંકમાં નલિની લક્ષ્મીદાસ મહેતાનો ''નારીશક્તિ'' લેખ, દયારામની ગરબી, નરોત્તમ દોશીની કાવ્યરચના ''જાગે છે ખંડિયરો'' રાજેન્દ્ર શાહની રચના ''સમય'' ચંદ્રકાંત મનસુખલાલ વોરાનો એક લેખ ''સંવાદના સથવારે''માં સાસુ વહુની ચડભડ અંગેનો ચિતાર રજૂ થયો હતો. આ ઉપરાંત કાંતિ કે શેઠ, ગીરધરલાલ લવચંદ વસાની કાવ્ય રચનાઓ રજૂ થઈ હતી. મધુભાઈ ભીમાણીના બીજા એક લેખ ''મિચ્છામી દુક્કડમ''માં લોકોના વિચારો અને વલણ અંગે કેટલીક માર્મિક વાતો રજૂ થઈ હતી. મુખપત્રના પ્રથમ અંકમાં બે જાહેરખબરો છપાઈ હતી. આમાં એક મહેન્દ્રકુમાર એન્ડ કંપનીની અને એક નટવરલાલ મોહનલાલ શાહની હતી.

આ રીતે મુખપત્રના પગરણ મંડાયા હતા. આ અંગેનો આ પ્રથમ પ્રયાસ હતો. એટલે વધુ પડતી અપેક્ષા રાખી શકાય નહીં. તે વખતે ટાંચા સાધનોમાં આ બધું કરવાનું હતું. પ્રિન્ટિંગ ટેક્નોલોજી વિકસી નહોતી. બધું મહેનતનું કામ હતું અને સમયનો ભોગ આપવો પડે તેવું આ કાર્ય હતું.

હવે આપણે ''જ્ઞાતિ ઉદય'' જે આપણા મુખપત્ર માટે પ્રેરણા સમાન હતું તેનો ખ્યાલ કરીએ. સમાજની રચના પહેલાં જ્ઞાતિ હતી. જુદા જુદા સમાજો જ્ઞાતિમાં ઓળખાતા હતા. સમાજ ભાવના ત્યારે એટલી વિકસિત થઈ નહોતી. જૂની પરંપરા અને રિવાજોનું ચલણ હતું. આપણી જ્ઞાતિમાં પણ તે સમયે આંગળીના વેઢે ગણી શકાય એટલા શ્રીમંત હતા. મોટાભાગના લોકોની સાધારણ સ્થિતિ હતી. શ્રીમંતો અને સાધારણ લોકો વચ્ચે મોટું અંતર હતું. તે સમયે આપણા સમાજના એક પ્રખર સામાજિક સેવક અને સુધારક શ્રી વખતચંદ હરખચંદ શેઠે ''જ્ઞાતિ ઉદય'' નામનું સામાયિક બહાર પાડીને સમાજમાં જાગૃતિનું મહાઅભિયાન શરૂ કર્યુ હતું. તેમનું કાર્ય ખૂબ યશસ્વી હતું. તેમાંથી મુખપત્ર માટે આપણને પ્રેરણા મળી હતી. એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. આ અંગે શ્રી ચુનીલાલ પ્રેમચંદ પારેખને પણ યાદ કરી લઈએ. તેમણે ''જ્ઞાતિ ઉદય''ના અંકોની અને સોરઠ વિશા શ્રીમાળીબના અંકોની ફાઈલો તૈયાર કરીને સમાજને આપી છે. જેના કારણે સમાજનો અત્યાર સુધીનો ઈતિહાસ જળવાઈ રહ્યો છે.

આપણા મુખપત્રને ''સોરઠ વિશા શ્રીમાળી'' નામ અપાયું તેની પાછળનો સંકેત એ છે કે આ મુખપત્ર સમાજ સાથે જોડાયેલું છે.

૧૯૭૩ની ૩૧મી ઓક્ટોબરે જે બીજ રોપાયા હતા તે મુખપત્ર આજે વટવૃક્ષ બનીને આપણી સમક્ષ ઉભું છે. આગામી ઓક્ટોબરમાં તે ૫૦ વર્ષ પૂર્ણ કરશે. હાલ તેનું અર્ધ શતાબ્દી વર્ષ ચાલે છે. મુખપત્રમાં લાંબા સમય સુધી તંત્રી તરીકે કાર્ય કરવાની મને તક મળી હતી તે માટે હું ગૌરવની લાગણી અનુભવે છું. આપણો સમાજ અત્યારે તેના વિકાસની ટોચ પર છે તે માટે અત્યાર સુધી બધા દાતાઓ, પ્રમુખો, કાર્યકરો, તંત્રીઓ અને સમાજના શુભેચ્છકો યશના અધિકારી છે.

# સોરઠ વિસાશ્રીમાળી

વર્ષ ૧. — ૩૧ મી ઓકટોબર ૧૯૭૩ — અંક ૧.

દિપોત્સવી અંક

## આપ સૌને નૂતન વર્ષાભિનંદન

# —: અ નુ ક્ર મ ણી કા :—


| વિષય | | | | પાના નંબર |
|---|---|---|---|---|
| જાગૃતીની પળ | .. | .. | .. | ૧–૨ |
| નારી | .. | .. | .. | ૩–૪ |
| દયારામ ની ગરબી | .. | .. | .. | ૫–૬ |
| જાગે છે ખંડીયારો | .. | .. | .. | ૭ |
| પહેલુ સુખતે જાતે હસ્યા | .. | .. | .. | ૮ |
| સમય (કાવ્ય) | ... | .. | .. | ૯ |
| નટવરલાલ એન્ડ કંપની | .. | .. | .. | ૧૦ |
| સંવાદના સથવારે | .. | .. | .. | ૧૧ |
| મહેન્દ્રકુમાર એન્ડ કંપની | .. | .. | .. | ૧૨ |
| કાવ્ય ત્રિવેણી | .. | .. | .. | ૧૩ |
| મિચ્છામી દુક્કડમ | .. | .. | .. | ૧૪–૧૫–૧૬ |


વાર્ષિક લવાજમ રૂા. ૩

# તંત્રીસ્થાનેથી

મ.હે.શ્રી

# જાગૃતિની પળ

શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજના મુખપત્ર રૂપે "સોરઠ વિસા શ્રીમાળી"નો આ પ્રથમ અંક આપની સમક્ષ રજુ કરતાં આનંદ થાય તે સ્વાભાવિક છે.

આ પળે "જ્ઞાતિ–ઉદય" તાત્કાલિક યાદ આવે છે: જે સ્વપ્ન સ્વ. શ્રી વખતચંદ હરખચંદ શેઠને હતું અને તેથી જ્ઞાતિ ઉદયની શરુઆત કરી હતી તે સમાજ સેવાના સ્વપ્ન અમે પણ સેવીએ છીએ. સાથોસાથ સમાજ-સેવા એટલે શું એનો વિચાર પણ સૌ સાથે કરવો ઘટે તેની યાદ પણ અમે રાખીએ છીએ; તે વિસરાય નહીં તેની ચીવટ પણ રાખીશું.

સમયની ગતિ ન્યારી છે. "જ્ઞાતિ–ઉદય" વખતની આપણી જ્ઞાતિ આજે, સમયાનુસાર પરિવર્તન પામી સમાજરૂપે આપણી સમક્ષ છે. સમાજ અને જ્ઞાતિ એ વિચાર–ભેદનું કારણ નથી; સમયના તકાદાનું અનિવાર્ય પરિણામ છે. અને તેથી સેવાના નામે સમાજ સમક્ષ જઈએ ત્યારે આપણું નાનકડું–વ્યક્તિત્વ હળવે હળવે વિરાટ રૂપ લે તે માટેના પ્રયત્નો પણ તેવા જ ભગીરથ હોવા ઘટે.

પાશેરામાં પહેલી પુણી જેવો આ પ્રયત્ન એટલે જ આજનો આ અંક: સોરઠ વિસા શ્રીમાળી. પણ એક વાત ન ભૂલીએ. દેખાતા પ્રયત્ન કરતાં અને ક્ષણિક હળવાશ અનુભવાય તેવા પરિણામ કરતાં પણ તેના માટેની જાગૃતિ જ્યારે દેખાય ત્યારે તે જાગૃતિ પણ આવકાર્ય છે. સમાજમાં આજે એ જાગૃતિનાં દર્શન તમોને જરુર થશે. નાના–મોટા સૌ કોઈ સમાજ–સેવા અર્થે જાગૃત થતા જરૂર દેખાય છે તેમાં શંકા નથી.

છુટા છવાયા નાના નાના પ્રયત્નો કદાચ નજરે ન ચઢે; તાત્કાલિક પરિણામ લાવે તેટલી તાકાતવાળા પણ લાગે; અને છતાંય બુંદે બુંદે સાગર એ પ્રમાણે એ પ્રયત્નોનો સેતુ જ્યારે આકાર લેશે ત્યારે ઉપર અમે જે જાગૃતિ વિષે ઈશારો કરેલ છે તેમાંનુ તથ્ય સમજાશે. અને તેથી એ જાગૃતિની પળે જ આ મુખપત્ર શરુ થાય છે તેમાં પણ ઈશ્વરી સંકેત જ હોવો જોઈએ.

સ્વ. જવાહરલાલ નેહરુ કેટલા કાર્યરત હતા તે કોઈને સમજાવવાનું

સોરઠ વિસા શ્રીમાળી
વર્ષ ૧, અંક ૧
શ્રી સોરઠ વિસા શ્રીમાળી
જૈન સમાજનું
મુખપત્ર
(દીપોત્સી અંક)
તંત્રીઓ
નરોત્તમ મંગલજી દોશી
મધુકાન્ત હેમચંદ શ્રીમાળી
પત્ર વ્યવહાર માટે
તાત્કાલીક સ્થળ :–
C/o પારેખ ટ્રેડીંગ એજન્સીઝ
૫, શેખાડી લેન, વિઠ્ઠલ વાડી,
મુંબઈ–૪૦૦ ૦૦૨.

હોય નહીં. જીંદગીની હરેક પળ દેશને ચરણે ધરેલ. પળેપળની કિંમત હતી. ખૂબ જ મહેનત કરતાં : "આરામ હરામ હૈ"નું સૂત્ર એ એમને મન શબ્દોનું માળખું ન હતું : જીવવા માટેનું ભાથું હતું. એવા અડીખમ, કાર્યરત નેહરુજી પણ પોતાના અક્ષરે લખેલ અમેરિકન લોકપ્રિય કવિ રૉબર્ટ ફ્રોસ્ટની આ કંડીકા ટેબલ પર રાખતા :

" The Woods are lovely, dark and deep,
But I have promises to keep,
And miles to go before I sleep,
And miles to go before I sleep "

— Robert Frost

"સોરઠ વિસા શ્રીમાળી" પણ આવા આદર્શ સાથે અને તેને લગતી જાગૃતિ સાથે કદમ માંડે છે. આગે બઢોનો નાદ તેને પણ લાગ્યો છે. સમાજ-સેવાની લત તેને પણ વળગી છે. જ્ઞાતિ–ઉદયની લગનીના મનોરથ વાગોળવા તેને પણ ગમે છે.

સમય આપણી પડખે છે. સારા કામો માટે પૈસાની જરૂર પડે તેમજ કામ પાર પાડવા માટે કાર્યરત વ્યક્તિઓની પણ જરૂર પડે. આપણા સમાજમાં આ બધું પડ્યું જ છે. પૈસા તીજોરીમાં જ રાખવાવાળા નહીવત્ થતાં જાય છે. લક્ષ્મીનો સુપેરે ઉપયોગ કરવા માટે ઘણાં રાજી છે. કાર્ય–project–હાથમાં લેતાં તે પરિપૂર્ણ થાય ત્યાં સુધીનો સહારો મળી રહે તેવું વાતાવરણ જરૂર છે. એ બધાનો ઉપયોગ કરી શકીએ તેવા પ્રામાણિક અને નિષ્ઠાપૂર્વકના આપણા પ્રયત્નો હોવા ઘટે. ઈશ્વરની કૃપા હશે તો આપણો સમાજ પણ આગેકદમ કરવામાં પાછો નહીજ પડે તેટલી શ્રધ્ધા છે. અલબત્ત પંથ લાંબો છે: ઘણાં રસ્તા કાપવાના છે. વાટ હંમેશા સીધીજ હોય તેવું નથી. એટલે જ જાગૃતિની પળ સતત આપણું રખોપું કરે એ પ્રાર્થના.

" The Woods are lovely, dark and deep,
But I have promises to keep,
And miles to go before I sleep,
And miles to go before I sleep. "

—Robert Frost

લબ્ધપ્રતિષ્ઠ કવિ શ્રી સુન્દરમ્ નો આ ઉપયુક્ત કંડીકાનો ગુજરાતી અનુવાદ:

" રૂડાં આ છે વંન, શાં શ્યામ ઊંડાં
કિંતુ મારે કંઈક કંઈ છે વાયદા પૂરવાના,
ને જાવાના કોશ કૈં નીંદ પ્હેલાં,
ને જાવાના કંઈક કંઈ રે કોશ હા નીંદ પ્હેલાં."



# નારી

**કુ. નલિની લક્ષ્મીદાસ મહેતા.**

નારી શબ્દનો અર્થ ન+અરિ. જેને કોઈ દુશ્મન નથી તે, ફુલથી પણ કોમળ ને પથ્થરથી પણ કઠણ એવી નારીના અગમ્ય દિલને ધન્ય કહું કે ધિક્કાર ?

જેમ રાત્રિની શોભા ચંદ્ર છે, બાગની શોભા પુષ્પ છે, સરોવરની શોભા કમળ છે તેવીજ રીતે સંસારની શોભા નારી છે.

ભગવાને નારીને બનાવીને દુનિયાને સુંદર, સુમધુર અને સૌમ્ય બનાવી છે, અરે ? જરા કલ્પના તો કરો કે ગુલશનમાં જો પાનખરનું જ રાજ્ય હોત તો બુલબુલના અને કોયલના કર્ણમધુરા ગીત ક્યાંથી સંભળાત? મનની કળીને પ્રફુલ્લિત કરનાર ખુશ્બોદાર ફુલો અને અમૃતનો સ્વાદ ચખાડનાર રસીલા ફળો માનવીની આંખને ક્યાંથી જોવા મળત ? નિર્મળ સરિતાનો કલકલ કરતો શાંત અને અસ્ખલિત પ્રવાહ પર્વતના હૃદયમાંથી ફૂટ્યો ન હોત તો વેરાન પહાડની મહત્તા કોણ જાણત ? સરોવરના નીલવર્ણ વારિમાં શ્વેત પદ્મો ન ખીલતા હોત તો સરોવરના ગંદા કીચડ પાસે જઈ કોણ પોતાના નયનો ઠારી હૃદયને તૃપ્ત કરત ? જો વૃક્ષો વર્ણહીન હોત તો વિશ્વની તમામ વનરાજી કેટલું બધું રૂદન કરતી ભીસત ? અને તેવીજ રીતે સફળ સંસારની તમામ પ્રવૃત્તિ, પ્રગતિ અને પ્રીતિ કેટલી બધી નિષ્પ્રાણ, નિસ્તેજ અને નિરાધાર બની ગઈ હોત જો તેમાં વિશ્વમોહિની નારીનું નિર્માણ વિધાતાએ ન કર્યું હોત ? ખરેખર હીન્દીના મહાન કવિ પ્રસાદજીએ ઠીક જ કહ્યું છે.

> "नारी तुम केवल श्रध्धा हो,
> विश्वास रजत जग पग तल में ।
> पीयुष स्त्रोत सी बहा करों,
> जीवनकें सुन्दर समतल में ॥"

પારસમણિ જેમ શુધ્ધ લોહ ને સુવર્ણ બનાવી દેછે તેમ નારી પોતાના સદ્‌ગુણોનો સ્પર્શ આપી પુરુષની હેવાનિયત ને માનવતામાં બદલી નાખે છે. નારીનું હૃદય પુરુષથી ભિન્ન માટીનું બનેલું છે. તેના હૃદયની મૃદુતા ફુલની કોમળતાથી પણ અધિક હોય છે. એની મંજુલતા બંસરીના કર્ણપ્રિય ધ્વનિને પણ શરમાવે છે. એની શાંતિ અઘોર તપસ્વીની શાંતીથી રજમાત્ર પણ ઓછી નથી. તેનું આંતરિક રૂપ શરદ-પૂર્ણિમા ની ચાંદની કરતા પણ વધુ ઉજ્જવળ છે. તેનો ત્યાગ સૂર્યના ઉગ્ર તાપમાં સળગીને નિર્મળ વારિનું દાન કરતા સાગરના ત્યાગની બરાબરી કરી શકે છે અને તેનો પ્રેમ અસંખ્ય ધારાઓમાં વરસતા શ્રાવણના મેઘ જેવો ધીર, ગંભીર અને શીતળ હોય છે. નારી સદાયે અર્પતીજ રહે છે. નારી એ કુરબાનીની કથા છે, ચારિત્ર્યની ખાણ છે, દયાનો સાગર છે, વીરતાનો ભંડાર છે, ત્યાગની મૂર્તિ છે અને બલિદાન નો યજ્ઞ છે. તેનામાં સહનશક્તિની એ સીમા છે જેનાથી મનુષ્ય ઘોરથી ઘોર અગ્નિપરિક્ષા પણ હસતે હસતે પાર કરી શકે છે. એનામાં એ ત્યાગ છે જેનાથી મનુષ્યની ક્ષુદ્રમાં ક્ષુદ્ર સ્વાર્થવૃત્તિ નષ્ટ થઈ જાય છે. અને તેનામાં મનુષ્યને દેવતાની પંક્તિમાં બેસાડી દેવાની એ પવિત્રતા છે જે ક્યારેય મરતી

૩

નથી. આજે પણ તે ત્યાગમયી માતા, પતિવ્રતા પત્ની સ્નેહમયી બહેન, તથા આજ્ઞાકારિણી પુત્રી છે. જીર્ણ થી જીર્ણ કુટિરમાં વસનારાઓમાં પણ કદાચ જ એવો કોઈ નિર્ધન અભાગી હશે કે જેના ઉજ્જવળ આંગણમાં એક સહનશીલ ત્યાગમયી, મમતામયી સ્ત્રી ન હોય.

અનેક સરિતાઓ જેમ પોતાનું ત્રિપટ જળ એક જ સાગરમાં ઠાલવે છે તેમ ઈશ્વરે પણ અનેક સદ્‌ગુણોના ઝરણા નારીમાં વહેરાવ્યા છે અને બધી નદીઓ નો ક્ષાર, કાંપ સાગર જેમ પોતાના ઉદરમાં સંતાડી દઈ દુનિયાને તો તે ત્રિપટ જળ ની જ લ્હાણ કરે છે તેમ નારી પણ પોતાના જીવનમાં આવી પડેલા દુ:ખ દર્દને દિલમાંજ સમાવી લઈ પોતાના પ્રિયજનને તો અમૃતની જ લ્હાણ કરે છે. એવી જગજ્જનની નારી હાસ્ય, ઉલ્લાસ અને પ્રેમની પ્રતિમા અને દુ:ખ દર્દ તેમજ પીડાઓની જીવંત કથા, પોતાના અક્ષયપાત્રમાંથી અસીમ પ્રેમ અને અગાધ શ્રધ્ધાના પુષ્પો વડે જગતનો અભિષેક કરે છે. એવા એ નારીના દિલને કોટિ કોટિ ધન્યવાદ આપતા પણ સંસાર કદી ઋણમુક્ત થશે જ નહિ.

નારી જગજ્જનની છે. નારીનું હૃદય હિમાલય જેટલું ઉન્નત, મંદાકિની જેટલું પવિત્ર, નંદનવન જેટલું રમણીય, આકાશગંગા જેટલું ઉજ્જવળ અને પુષ્પ જેટલું કોમળ હોય છે. એના હૃદયમાં અનુરાગ રૂપી પરાગ અને મમતારૂપી અમૃત ભરેલું હોય છે. સત્યયુગની સાવિત્રી, અરૂન્ધતી અને અનસૂયા, ત્રેતા યુગની સીતા અને મંદોદરી, દ્રૌપદી, ગાંધારી અને કુંતી તેમજ કલીયુગની કસ્તુરબા, લક્ષ્મીબાઈ તેમજ સરોજની નારી હૃદયની કોમળતા આદર્શ તેમજ કઠોરતાના જ્વલંત ઉદાહરણ પૂરા પાડે છે.

નારી પોતાનું હૃદય ત્યારેજ કઠોર કરે છે જ્યારે તેની મમતા પર પ્રહાર પડે છે. સ્ત્રી એ સર્જન-શક્તિ છે. એનું વ્યક્તિત્વ ઘવાતું હોય, જ્યારે તેનું શિયળ ભયમાં હોય, જ્યારે તેના હક્કો લુંટાતા હોય અને જ્યારે પતિ, પુત્ર, કે પરિવાર માટે તેણે સેવેલી તમામ તમન્નાઓ ભસ્મીભુત બનતી હોય ત્યારે નારીનું કોમળ દિલ વજ્રથી પણ કઠોર બને છે. ત્યારે તે પોતાના જીવનને હોડમાં મૂકીને પણ પોતાની સફળ ઈચ્છાઓને પૂર્ણ કરવા પ્રયાસ કરે છે.

પુરુષ જ્યારે નાહિંમત, શક્તિહીન અને અલ્પ-બુધ્ધિ બની જાય છે ત્યારે નારી સંજીવની બનીને પ્રાણ ફુંકે છે. સત્યવાનની છાયા બની રહેતી સાવિત્રીનું કોમળ હૃદય સત્યવાનના મૃત્યુ સમયે અશ્રુસારી બેસી ન રહેતા હૃદય પર પથ્થર રાખી યમદેવની પાછળ જઈ મૃત્યુના મુખમાંથી સત્યવાનને ઉગારી લે છે. એ સાવિત્રી કરોડો વર્ષથી માનવીના કોટિ-કોટિ ધન્યવાદ પામતીજ રહી છે. અરૂન્ધતીની સેવાએ વશિષ્ઠ મુનિને બ્રહ્મર્ષિ બનાવ્યા. અનસૂયાના હૃદયની પવિત્રતાએ ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને બાળક બનાવ્યા. ધરતીની પુત્રી સીતાએ ધરતીમાતાની જેમ જીવનનો તમામ ભાર વહન કરી ધરતીનું જ શરણ લીધું. ગાંધારીનો સ્વેચ્છાપૂર્વકનો અંધાપો, કસ્તુરબાની સેવા તેમજ શ્રદ્ધા અને વડાપ્રધાન શ્રીમતી ગાંધીની કાર્યક્ષમતા અને બુદ્ધિ પ્રતિભા એ નારીના દિલનો અપૂર્વ, અલૌકીક અને ઈશ્વરદત્ત શક્તિનો ચમત્કાર છે.

આમ પતિમાટે ચરિત્ર, સંતાન માટે મમતા, સમાજ માટે શીલ વિશ્વ માટે દયા તથા જીવમાત્ર માટે કરૂણાનો સંચય કરવાવાળી મહાપ્રકૃતિનું નામ જ નારી છે, નમણી એવી નારીને મારા કોટીકોટી વંદન હજો.

૪

# દયારામની ગરબી

— નિરંજન ઉપાધ્યાય

ગુજરાતી સાહિત્યના મધ્યકાલીન યુગના કવિઓમાં દયારામ આપણા સમયની નજીક હોવાથી એમનાં જીવન અને કવન અંગે વિપુલ પ્રમાણમાં માહિતી ઉપલબ્ધ થાય છે. આ લેખમાં દયારામના જીવન અંગે નહિ પણ કવન અંગે અને કવનમાં પણ માત્ર એની ગરબીઓ અંગે લખવાનું મન થયું છે, કારણ કે વ્યક્તિ કરતાં એનું સર્જન મહત્વનું છે. વ્યક્તિના જવા છતાં ય એનું સર્જન આપણી પાસે રહે છે.

તત્કાલીન રાજકીય પરિસ્થિતિને કારણે દયારામથી આગળનો થોડોક સમય ગાળો 'સાહિત્યનો સુકવણા'નો કાળ રહ્યો હતો તેથી 'નિર્માલ્ય સાહિત્ય'ના આ ગાળામાં દયારામનું કવન ઘણાને સંતોષે એવું આકર્ષક છે. આમાંય દયારામની ગરબીઓ તો ઊર્મિગીતો જ છે.

જેમ જીવનમાં તેમ કવનમાં પણ દયારામે શ્રી ગોપીજનવલ્લભની અવ્યભિચારી ભક્તિ જ એની ગરબીઓમાં ગાઈ છે. આ ગરબીઓનો વિષય મુખ્યત્વે શ્રી કૃષ્ણ, રાસેશ્વરી રાધા અને પ્રેમમગ્ન ગોપીઓ વચ્ચેનાં મિલન, વિરહ, માન, અસૂયા, ઉત્કંઠા, આછા હાસ્ય કટાક્ષ, મર્મ ને ઢોંગ ભર્યાં રિસામણાં મનામણાંના શૃંગારભાવોનો છે. એમાં લાગણીની તીવ્રતા, મનની તન્મય સ્થિતિ, ઈષ્ટ પ્રાપ્તિ માટેનો તલસાટ, દૃઢ વિશ્વાસ, પશ્ચાતાપ, નિખાલસભાવે દોષોની કબૂલાત અને દીનતા છે. એમાં સંયોગના ને વિયોગના, સુખના ને સંતાપના, દુઃખના ને દર્દના, ઊમના ને ઉકળાટના, તૃપ્તીના ને તલસાટના, પ્રેમ અને ક્રોધના, હર્ષ અને શોકના શુભ સંવેદનો અને પ્રણયકલહોના વિવિધ પ્રસંગો આલેખાયા છે.

દયારામ ગરબીના કવિવર છે તેથી એમની ગરબીઓમાંથી ઘણા ભક્તિરસો નીગળે છે અને સુકુમાર સૌંદર્યે મહેકે છે. શ્રી કૃષ્ણ તેનું એક આલંબન અને રાધિકા કે ગોપી બીજું, સાહેલી ત્રીજું અને બંસરી જાણે ચોથું આલમ્બન કે પાત્ર જ. ઉદ્દિપન નહિ કેમકે મોહન તણી એ માનીની તો 'શૉક્ય સરીખું સાલ' નીવડવા સુદ્ધાં સમર્થ છે.

ચાતુરી અને માધુરી દયારામની કવિતાની લાક્ષણિકતા છે. લોચન અને મનનો ઝગડો, પોતાને 'શશીવદની' કહીને બોલાવી તેને લીધે રાધાને ચડેલી રીસ ને એણે 'મુખે નીમ લીધો' તો ખરો કે કોઈ પણ 'શ્યામ રંગ સમીપે ન જાવું' ને છતાં મન એ નિયમ ટાળવાર નિભાવવા તૈયાર નથી. લાડભરેલાં લીધેલા રુસણાં પછી 'મુજને અડશો મા! આઘા રહો અલબેલા છેલા! કહાનકુંવર! કાળા છો, અડતાં હું કાળી થઇ જાઉં', ના બહાનાનો, 'તું મુજને અડતા શ્યામ થઇશ તો હું કેમ નહિ થાઉં ગોરો? ફરી મળતાં રંગ અદલાબદલી, મુજ મોરા તુજ તોરો'—ઉત્તર આપી કૃષ્ણે સૂચવેલા વ્યાવહારિક ઉપાયના ગર્ભમાં રહેલી દાક્ષિણ્યપૂર્ણ સ્પર્શયાચના છે.

દયારામની ગરબીઓમાં વાગ્દંડ આપતી રાધા કે ગોપી પણ કૃષ્ણને સંભળાવી દે છે તે ગરબીઓ તે—

'આઠ કૂવા ને નવ વાવડી રે લોલ'<br>
'વાંકા રે વાંકા શું હિંડો છો?<br>
'શ્યામ સલંખણા રહો.'

દયારામની ગરબીના કૃષ્ણની રિસાયલી રાધા કે ગોપીને મનમણાંની ચાતુરી તો જુઓ—

'તારા સમ જો તારુણી તું મને સર્વથી વ્હાલી'<br>
'તમારો, તમારો, પ્યારી મન માને તે કહોની'.<br>
'રાધે તું પ્યારી જ બીજું અવર ન કોઈ,'<br>
આવી ઘણી ગરબીઓમાંની થોડીક એટલે—<br>
'ઊભા રહો તો કહું વાટડી બિહારીલાલ!

'હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું,'
'કાનુડો કામણગારો રે, સાહેલી ! આ તો'
'સાંભળ રે તું સજની મારી રજની"
ક્યાં રમી આવીજી,
'ગરબે રમવાને ગોરી નીસર્યાં રે લાલે'
'પ્રેમની પીડા તે કોને કહીએ, હો મધુકર'

આ બધી ગરબીઓ રસ–છલકતાં શબ્દ ચિત્રો છે. દયારામની ગરબીઓમાં મુખ્યત્વે 'શૃંગારરૂપભક્તિ' છે. એની પ્રતિભા ઊર્મિ કવિની છે. એમાં શ્રી કૃષ્ણ તો 'રસો વૈ સ:' છે, ઊધ્વરતેસ છે. રાધા ભક્તિનો અવતાર છે ને ગોપીઓ તો 'વેદની ઋચા' છે. દયારામની ગરબીઓમાં વ્યવહારુ બોલીના શબ્દપ્રયોગો (Colloquialism) છે તો સાથે સભ્યતા પણ છે.

દયારામ માટે કવિશ્રી ન્હાનાલાલે કહ્યું છે કે, "ગુર્જરી સાંહિત્યકુંજે ભરી બંસીનો છેડણહારો તો દયારામ. દયારામભાઈની ગરબીઓમાંની કલ્પના તો જાણે વીજળીના ઝબકારા. દયારામભાઈ એટલે ગુજરાતની મધુરપ, ઝમક, ઝળકાટ, વિહ્વળતા તેમ જ ગુજરાતનું નારીસંગીત. જગતભરના સાહિત્યમાં ગુજરાતની ગરબીઓનું, ગુજરાતણના રાસનું સ્થાન સદા અદ્ભુત છે ને એ ગરબીઓના સમ્રાટ ગુજરાતણના હૃદયરાજવી દયારામનું યે સ્થાન સદા અદ્ભુત જ છે. એમની એક એક ગરબી ગુજરાતનું મહામૂલું અમોલી છે."

સ્વ. કનૈયાલાલ મુનશી લખે છે :

'ભાષાની સંસ્કારિતા, સમૃદ્ધિ કે સંગીતમાં, ઊર્મિઓની સચોટતા કે તરવરાટમાં, ભાવવૈવિધ્યની રંગબેરંગી ચમકમાં, હૃદયંગમ શબ્દમાધુર્યની મોહિનીમાં, પ્રણયના તલસાટની તીવ્રતામાં કોઈ કથનકાર ગુજરાતી સાહિત્યમાં એને સ્પર્શી શક્યો નથી. એ નરસિંહ ને મીરાંની જેમ વિરહીણી સખી નથી. પણ મધ્યકાલનો છેલછબીલો, વરણાગીઓ, નટવર છે. એ મસ્ત કવિ છે, દીન ભક્ત નથી......નટવર છે. જે જમાનામાં ભક્ત કહેવડાવ્યા વગર ઊર્મિઓ દર્શાવાતી નહિ એ જમાનામાં એને ભક્ત થવું પડ્યું,"

'દયારામની ગરબીઓમાંનો ભક્તિશૃંગાર 'ભાગવત' અને 'ગીતગોવિંદ'ની પ્રણાલીનો જ છે......દયારામ ગરબીઓમાં એનાં રસરુચિની મર્યાદાઓ સાથે ગુજરાતનો જયદેવ બન્યો છે.' (અનંતરાય રાવળ.)

ટૂંકમાં, દયારામની બાની અત્યંત પ્રસાદમધુર છે. અનાયાસ લીલાએ વહી આવતી એની પદાવલીમાં તત્સમ અને તદ્ભવ શબ્દો સહજ સુંદર રીતે ગૂંથાતા જાય છે. તેમાં જીવંતતા, તાજગી અને સચોટતાનાં તત્ત્વો પ્રવેશ પામે છે. પ્રાસાનુપ્રાસ, વર્ણસગાઈ અને પ્રસંગોપાત ઝડઝમકને લીધે એનો પદ્યબંધ સુશ્લિષ્ટ અને શ્રવણમનોહર બને છે. દુર્ગાશંકર શાસ્ત્રીજીના મતે 'દયારામનું કવિત્વ ઝળકી ઊઠે છે એની ગરબીઓમાં અને ગુજરાતી સાહિત્યમાં એનું ચિરંજીવ સ્થાન પણ એને લીધે જ છે.'

ગરબીઓમાં ભરપટ્ટે ભાવસંવેદનો અને સ્પંદનો ગાઈને દયારામે ગુજરાતને સુંદર ઊર્મિપદોથી સમૃદ્ધ કર્યું છે. એની ગરબીઓનાં જુદા જુદા રાગ અને ઢાળનું વૈવિધ્ય છે, સંગીતને અનુરૂપ વાણી છે. દયારામનાં ઊર્મિ-પદોના સર્વોત્તમ નમૂનાઓની ગરબીઓ મધ્યકાલીન ભક્તિ–શૃંગાર–કવિતાના ઉત્તુંગ શિખરો સર કરે છે એમ કહી શકાય.

૬

# જાગે છે ખંડીયરો....

— નરોત્તમ દોશી

જાગે આ ખંડીયરો જાગે છે ખંડીયરો
યુગ યુગની વાતો લઈ જાગે છે ખંડીયરો... જાગે
દાયકાને સૈકા પહેલાં વિત્યા ઈતિહાસ કેરી
પહાડ, પશુ પંછી ને ધીર સાગર સરિતા કેરી
ચેતન અચેતન કેરી
પ્રકૃતિને પુરુષ કેરી
કલ્પના ને તર્કના તાંતણે ગુંથેલ પેલી
વાતોની તવારીખ આ બોલે છે ખંડીયરો... જાગે
એણે નિરખી રક્તની સરિતા સંગ્રામ કેરી
પ્રેમ અને વ્હાલપની બાંગ સુણી સંત કેરી
સ્નેહની શહાદત દીઠી
મોહભરી માયા દીઠી
શીળી સુખ કેરી કલ્પના ને વેદનાની વાતો ભૂલી
નિર્લેપ બની ઉભા આ વિરાગી ખંડીયરો... જાગે
વખતના વ્હેણુ વહ્યા લાખ લાખ કથની ઉપર
તવારીખો સર્જનારા પડયા કબ્ર કેરી ધુલી ઉપર
એના ઉજ્જવલ ઈતિહાસની
—ને કીર્તિ સભર જીવનની
શાખ દે છે મુંગી કલમે ઈતિહાસ સુજી
ગૌરવની ગાથા રચે ઇતિહાસકાર ખંડીયરો

૭

# પહેલું સુખ તે જાતે હસ્યા . . .

એક નાનકડો છોકરો એક ગધેડાને લઈને લશ્કરની છાવણી પાસેથી પાસેથી પસાર થતો હતો. થોડાક સૈનિકોને ટીખળ કરવાનું મન થયું.

એક સૈનિકે છોકરાને પૂછ્યું :

"તારા ભાઈને ગળે દોરી બાંધીને કેમ લઈ જાય છે?"

જરા પણ ખચકાયા વગર છોકરાએ જવાબ વાળ્યો :

"તે લશ્કરમાં જોડાઈ ન જાય તે માટે."

* * *

**રાહદારી :** પ્રસાદ વહેંચો ભાઈ, તમે તો આબાદ બચી ગયા — નહિ તો બસ નીચે હમણાં જ તમારો ખુરદો બોલી જાત ને રામ બોલો ભાઈ રામ થઈ જાત.

**સાયકલ સવાર :** શું તમેય તે! પ્રસાદ તો પેલા બસડ્રાઈવરે વહેંચવો જોઈએ કે જે જેલમાં જતાં બચી ગયો, મારે તો અમસ્તુંય એકવાર મરવાનું તો છે જ ને!

* * *

એક મારવાડી જૂની નોટોનો ધંધો કરે. દુકાનેથી એક વાર બહાર જવાનું થયું એટલે દિકરાને બોલાવી દુકાને બેસવા કહ્યું ને ધ્યાન રાખવાનું કહ્યું. સાંજે મારવાડી પાછો ફર્યો એટલે દિકરાએ–રૂઆબથી કહ્યું : "આ જૂઓ……મેં નોટો ખરીદી છે…" બોલવાનું પૂરું થાય ત્યાંજ મારવાડી બોલી ઊઠયો. "પણ આમાં એકેય નોટ સાચી નથી…" દિકરો જરા ઝંખવાઈ ગયોને પછી બોલ્યો : "તે મને શું ખબર? સાચી નોટ તમે મને ક્યારે બતાવી છે?"

એક મારવાડીની પત્ની મૃત્યુ સામે ઝઝુમતી હતી. ઘરમાં સગાવહાલાં ભેગાં થઈ ગયા હતાં. બે ઝોલાં તો આવી ગયા હતા. ત્રીજે ઝોલો આવ્યો ને રામશરણ પામી પથારી પાસેજ ઊભેલો તેનો પતિ એકદમ દોડયો. એક ઘર–બે ઘર વટાવીને રસોડા પાસે ગયો. રસોઈયો સામેજ મળ્યો. હાંફતા હાંફતા મારવાડીએ રસોઈયાને પૂછવા લાગ્યો : "મહારાજ ચા મૂકાઈ ગઈ કે?" રસોયો કહે : "ના…મૂકતો જ હતો…"

"તો હવે એકજ કપ મૂકજો."

* * *

એક વખત દરજીએ, બેન્કો પાસેથી પૈસા મેળવી દુકાન ખૂબ સજાવી, રોનક વધારી. લોકો તો દુકાનની શોભા જોઈને જ ગાંડા થવા લાગ્યા.

દરજીને ગ્રાહકો મેળવવામાં તકલીફ પણ ન પડી. દરજીનો શો–રૂમ જ બધાને આકર્ષવા પુરતો હતો.

થોડા દિવસ પછી દુકાનમાં ગ્રાહકો જ ઊભાં હતાં–દરજી ન હતો. કોઈ કહેતું હતું :

"મારું શર્ટનું કાપડ કેટલું મોંઘું હતું— હવે શું થાય?"

"ક્યાં ગયો સા…દરજી? મારું પેન્ટ મોંઘું દાટ ઊપાડી ગયો…" બીજો કહેતો હતો. તો વળી ત્રીજાની ફરીયાદ હતી :


"ભારે કરી દરજીએ તો! મારો બેટો શો કરીને છેતરી ગયો…મારું યતે…" પણ બધા થોડી વાર માટે મૂંગા થઈ ગયા. એક સરદારજી લમણે હાથ દઈ બાજુમાં જ ઊભા હતા કાંઈ જ બોલતા ન હતા તેમનું પણ કાંઈક દરજી–ઊપાડી ગયો હશે તેમ સમજી કોઈએ સરદારજીને પુછ્યું "ક્યા હુઆ? કુછ તુમ્હારા ભી લેકે ગયા ક્યા?"

"અરે ક્યા બોલું જનાબ! વો તો હમારા માપ હી લેકે ગયા…"

૮

# સમય

રાજેન્દ્ર શાહ



ભવિષ્યમાં માનવાનું
હવે મેં છોડી દીધું છે
મને આસ્થા છે
—માત્ર ભૂતકાળમાં
ભૂતકાળ એ સનાતન સત્ય છે એટલે
વર્તમાન?
વર્તમાન તો સરી જાય છે
જેમાં કંઈ જ નથી એવી
મારી પોલાદી unexposed મુઠ્ઠીઓમાંથી...
વર્તમાનને પકડવાનો પ્રયત્ન
વ્યર્થ છે.
સમય
સરી જાય છે મારી નસેનસમાંથી
મારા લોહીની જેમ.
અરવિંદના વિરહથી
વ્યાકુળ થઈ ઊઠેલા
સાંધ્ય આકાશમાં ઊગેલા તારકમાંથી
સમય
પ્રકાશ થઈ સરી જાય છે.
સમય ચાલતો નથી;
ગતિ કરે છે.
અને મને
ગતિ કરતાં આવડતું નથી
એટલે ઉદાસીનતા
વીજળીના પ્રવાહની જેમ મારા દેહમાં
વ્યાપી જાય છે.
ઉદાસીનતા
હવે મારે માટે પરાયી નથી.
ઉદાસીનતા મારા માટે હાસ્યનો પર્યાય છે.
આમ પણ
હાસ્ય ક્યારેય ઉદાસીનતા અભાવ વિના
જન્મતું નથી.
કારણકે
ઉદાસીનતાને જાણ્યા વિના
હાસ્ય ક્યારેક ઓળખાતું નથી.
ઉદાસીનતા અને હાસ્ય
વિજય અને પરાજયની જેમ
સમયના એક જ વૃક્ષ પર પેદા થયેલાં
એ ફળ જેવાં છે.
સમય electro-magnetic wave નથી.
સમય simple hrrmonic motion કરે છે.
પણ સમય ether-particle પણ નથી.
સમય કશું જ નથી.
સમય શૂન્યાવકાશ છે.
સમય
માનવને પોતાની જાતથી વિકેન્દ્રિત કરતા
વર્તમાનનું મૃત્યુ છે!

૯

Wish you happy new year



With Best Compliments **FROM**

# Natvarlal M. Shah

**Consultant in Import Export Legal Matters.**

★
★

**Bulakhidas Building, 2nd Floor, Vithaldas Road,**
**BOMBAY 400002.**

**Phones :**
**Office : 310524 • Resi. : 524731**

# સંવાદના સથવારે

— ચંદ્રકાન્ત મનસુખલાલ વોરા B. A.

"સાંભળો છો? આજે નળ પરથી પાણી લાવતા ગાગર પડી ગઈ તેમાં તો બા આખી ચાલીમાં કહી આવ્યાં."

"શું કહી આવ્યા?"

"બીજુ શું હોય? એજ કહ્યુ હશે કે અમારી વહુ માયકાંગલી છે."

"પરંતુ તે એમ શા માટે માની લીધું કે બાએ એમજ કહ્યુ હશે? શુ એ સંભવિત નથી કે, 'અમારી વહુનું શરીર બહુ નબળું છે' એમ કહ્યા પૂર્વે તેઓએ નિર્દોષ ભાવે ગાગર પડી ગયાની ઘટના જણાવી હોય?"

"સારૂ! મારી ભૂલ થઈ!"

"તારી વહુ કંઈ બોલી?"

"ના, કેમ?"

"કંઈ નહી! એ તો કાલે મેં જરા એમ કહ્યું કે, 'આશા બાટલીઓના દુધથી શક્તિ ન આવે રમલાને ધાવણ ધવરાવતા જાવ!' બસ મેં આટલુંજ કહ્યું અને મને કે, તમે એમ કોં જ કેમ? મારા ગગાને હું બાટલીઓના દુધ પીવરાવું છું તે મારો ધણી કમાય છે.' અને પછી તો ઘણું ઘણું કહ્યુ."

"પછી?"

"પછી શું? મેંય બે વેણ જરા ઉંચે સાંદે કીધાં..."

"એક વાત કહું બા? તમે એ બે વેણ ઉંચે સાદે કીધા એને બદલે તેને વધુ સમજાવવાની કોશીષ કરી હોત તો?"

"એટલે બધી મારી જ ભૂલ થઇ એમ ને? એ તો હું પણ..."

"ના બા, મારો એમ કહેવાનો અર્થ નથી, પરંતુ આ તો..."

"બરાબર હવે રહેવાદે અમે તો જાણતાંજ'તા કે બધાની માફક તુંય બાયડીનુંજ ઉપરાણું લેવાનો છે. જે સાડલામાં તમને હંગાવ્યા–મુતરાવ્યા ઈ સાડલાંના ગોદડાઓ હજુ આપણે ઓઢીએ છીએ સમજ્યો? ભગવાન હવે તો ઉપાડી લ્યે એટલે બસ!"

"જુઓ હું તમને કહી દઉ છુ કે હું આ ઘરમાં એક મિનિટ પણ રહેવા તૈયાર નથી. તમારે જુદી રૂમ લેવી છે કે નહી?"

"કેમ શું થયુ?"

"આ રોજ રોજની ટકટક મારાથી સહન નથી થાતી! આ શાંતાબેનને ત્યાં જરા વાર બેઠી તો બા કે, 'આખો દિવસ તમે બેઠાજ રહો છો.' પોતે બબ્બે ત્રણ કલાક સુધી સામાયિક પ્રતિક્રમણ કર્યા કરે એ કંઇ નહી."

"જો આશા એવું છે ને કે જીવનમાં જેટલી મીઠાશ આપણે ઇચ્છીએ એટલી લાવી શકાય છે. જો બા–એ એમ કહ્યું હોય કે તું પાડોશીઓને ત્યાં બેઠી રહે છે તો એ બાની ભૂલ કહેવાય. કારણ કે અન્ય સાથેના વાર્તાલાપમાં આપણે આપણો પરિશ્રમ વિસરી જઈએ છીએ અને શ્રમ પછીની શાંતી અને પ્રફુલ્લતા છતાય જાય છે પરંતુ જો તું એમ કહે કે બા બે–ત્રણ કલાક સામાયિક પ્રતિક્રમણમાંજ ગાળે છે તો ત્યાં તારી ભૂલ ગણાય. બાની હવે ઉમર થઈ. પ્રભુનું નામ એ અત્યારે નહીં લે તો ક્યારે લેશે? બાળપણ બુદ્ધી એકઠી કરવામાં જાય છે અને યુવાની એ બુધ્ધીનો ઉપયોગ કરવામાં જાય છે જ્યારે વૃધ્ધાવસ્થાજ એવી છે કે જેમાં પ્રભુનું નામ લેવાનો સમય મેળવી શકાય છે. રહી વાત રૂમની એ તો..."

"બસ–બસ મેં તમારૂં ભાષણ સાંભળી લીધું. એમજ કહીને કે આ બધા ઢસરડા મારે એકલીએજ ખેંચ્યે રાખવાના છે. હું કંઈ અહીં ધાટણ બનીને નથી આવી સમજ્યા? મારા બાપને ઘેર રોટલા હતા નો'તા એમ નહીં. ભગવાન હવે આમાંથી છુટકારો કરે એટલે બસ!"

With
BEST Compliments
From

**Mahendrakumar & Co.**

314/320, HIMALAYA HOUSE,
79, PALTON ROAD,
BOMBAY–400001

★
★

Gram : "GIVETRADE"

Phone : 267367 / 68

Telex : 3105

# કાવ્ય ત્રિવેણી

## તું છે ક્યાં ?

હું ફરી ફરી ને
પાછો ફર્યો
શું કરું
તું મળ્યો નહીં
જોયું તો
દ્વાર બંધ હતાં
મેં એ
ખખડાવ્યાં નહીં.
મેં ધાર્યું
કે—
'તું' નહી હોય
ને ઘર કદાચ
તેં બદલ્યું હશે
તું હશે
તો ક્યાં હશે ?
ખૂબ વિચાર્યા કર્યું
નયન પલભર
ઢાંકી દીધા
ને
જોયું તો
'તું' અહીં જ હતો
સાવ મારી કને હતો
ને
હું જ અહીં
નોં તો...

બલદેવ પરમાર

## શિલ્પીને......

ઘડતાં ઘડતાં જીવન આખું
જાય ભલે તું હારી
પણ એવી મૂર્તિ ઘડજે શિલ્પી
કે જગ નિરખે ધારી ધારી.... ઘડતાં...
પત્થરમાંથી સર્જ તું સુંદર
પૂર્ણ પ્રતિમા પ્યારી
ઘાયલ કરે ખુદ કામદેવને
એવી કામણગારી... ઘડતાં....
ગગન ગોખને ઓવારેથી
જુવે જો રંભા નારી
પુછે ! પૃથ્વી પર કોણે સર્જી
આ શોકય સમોવડ મારી... ઘડતાં...
કર ખંખેરી બોલે બ્રહ્મા
કૃતિઓ કોટી મેંય કંડારી
પણ નિજ સર્જનનાં સર્જન સામે
હુંય ગયો આજ હારી... ઘડતાં...

કાન્તિ કે. શેઠ

★ ★ ★

## સાત વારનું ચકડોળ....

સોમવારે હું જન્મો ને
ભણવા બેઠો મંગળવારે
બુધવારે બી. એ. થઈને
નોકરી ચઢીયો ગુરૂવારે
શુક્રવારે સંસાર માંડીને
દાદા બનીઓ શનિવારે
રવિવારે માંદો પડીને
ગયો યમના દ્વારે
સાત વારમાં દુનિયા ડહોળી
અરજ કરૂં છું અવિનાશી
જન્મમરણ ભવ બંધન તોડો
જો હોય મારી પ્રાર્થના સાચી

ગીરધરલાલ લવચંદ વસા

૧૩

# મિચ્છામી દુક્કડમ્

મ. હે. લી.

વ્યક્તિઓને મળતાં—વાતો કરતાં—નિરીક્ષણ કરતાં જે કાંઈ નજરે ચઢી જાય છે તેને મારી પાસે જ રાખીને પણ શું?—એ પ્રશ્ન: તરત જ ઉત્તર આ લખાણ.

મિત્રના નાના ભાઈને નોકરીએ રાખવો હતો. ઇન્ટર સુધી ભણેલ; પછી ભણવામાં ચિત્ત નહીં એટલે પછી આશરો નોકરીનો. વાત કરીએ ને નોકરી મળી જાય તેવું તો છે નહીં. પણ કોઈ છોકરી કે છોકરો કુંવારો ન રહે તેમ કોઈ નોકરી વગર પણ ન રહે તેવું આ મહામયી મુંબઈ નગરીનું છે. મતલબ કે, નોકરી મળી ગઈ.



બીજે કે ત્રીજે દિ' મળ્યો :

"કાકા, આ નોકરી તો નથી ફાવતી."

"કાં?" મેં પૂછ્યું.

"આખો દિ' કામ જ રહે છે. નવરાશનું તો નામ નહીં......લંચ અવરમાંય તે કાંઈક કામ સોંપ્યું જ છે......' તે રાવ ખાતો હતો.

"તે હજી એ દિ'માં જ તને શું ખબર પડે? તને વધુ કામ સોંપવા માગતા હશે......તું સારું કામ કરી શકતો હોય તો તરક્કી પણ તને જ મળશે ને?"

"તરક્કી? અરે કાકા, અહીં આ ફેક્ટરીમાં તો તરક્કીનું નામ જ લેશોમાં..."

નોકરી બદલી. એ પેઢી હતી. ત્યાં પણ તેને તકલીફ પડવી શરૂ થઈ:

"એકને એક સ્ટેટમેંટ કેટલી વાર બનાવવું? ઘડીએ ઘડીએ બસ એ જ કામ......હું તો થાકી ગયો." રસ્તામાં મળતાં તેની ફરીયાદ શરુ થઈ. આ પેઢીના માલિકને હું ઓળખતો હતો. ચીકણો વધારે હતો નો ડાઉટ. પણ એમ ચીવટથી કામ કરી આપનારને તે દાદ પણ આપતો હતો તેની મને ખબર હતી, તેથી કહ્યું :

"તું એમ કામથી થાકે તે સારું નહીં; તારું ભવિષ્ય મહેનત વગર તો નહીં જ ઘડાય. માટે હમણાં તું કામમાં જ ધ્યાન રાખ. એક જ કામ સાત વખત તારી પાસે કરાવે તેમાં શેઠનો સમય જાય છે, તારો નહીં......"

પણ આ વાત તેને ગળે ઉતરી હોય તેમ લાગ્યું નહિ કારણ બીજે અઠવાડિયે એ 'નોકરી ખાલી છે' કોલમના જવાબો આપતો હતો.

આ વિશે મેં મારા એક સ્નેહીને વાત કરી. તેમનો જવાબ વાતચીતમાં ખૂબ લંબાયો. પરંતુ એક ધ્રુવ વાક્ય હજી પણ મને યાદ છે:

"મુંબઈના લોકોમાં સેન્સ છે—ખૂબ છે તેમાં ના નહીં; પણ કોમન સેન્સ

૧૪

નથી. કોમન સેન્સ જો વાપરે તો ઘણાં પ્રયત્નો હલ થઈ જાય."

× × ×

આમ જુઓ તો વાત પતી જાય તેવું હતું. પણ છતાંય જ્યારે નિર્મળાનું સગપણ તૂટયું ત્યારે મને પણ આંચકો લાગ્યો. નિર્મળાને હું ઓળખું. મારી નાની બેન જોડે જ ભણે. ઘણી વાર ઘરે આવે. તેની બુદ્ધિથી પણ હું પ્રભાવિત થયેલ. કુટુંબ પણ સારું. તેના બાપુજી નોકરી કરે. મોટા ભાઈનો નાનો ઉદ્યોગ. બીજા બે નાના ભાઈ ભણે.

સગપણ તૂટ્યા પછી નિર્મળા મારે ઘરે દેખાય નહીં. તેને પણ મનમાં ધક્કો લાગ્યો હશે. થોડી શરમાતી પણ હશે. પણ એક વખત રસ્તે મળી ગઈ. વાતચીત કરવાની શરુઆત કરું ત્યાર પહેલાં જ કહે: ભાઈ, તમારે ત્યાં આવતી નથી તેનું કારણ છે: આ સગપણ થતું હતું ત્યારે જ તમે પણ મને થોડી ચેતવી હતી ને કહ્યું હતું કે તું જેને પસંદ કરે છે તેના વિષે થોડું વધુ જાણી લે. મેં, જેટલું જાણતી હતી તેમાં ભરોસો રાખ્યો. એટલે મને એમ થાય છે કે જો હું તમારે ત્યાં આવીશ એટલે તમે કહેવાના જ કે, જો નિર્મળા, મેં તને આમ કહ્યું જ હતું ને! અને સાચુંય છે. પણ......"

કાંઈ પૂછવાના બદલે હું જ મારામાં ખોવાયો. વિધી પોતાનું કામ કરે છે. નિર્મળા મારે ઘરે નહોતી આવતી કારણ હું તેને એમ ન કહી બેસું કે "મેં તને આમ કહેલું—પણ તેં મારું માન્યું નહીં—" આપણી માન્યતા પ્રમાણે કોઈ ન ચાલે ને તેને કારણે કયાંક થાપ ખાય જાય ત્યારે તેના તરફની દિલસોજી બતાવવાને બદલે આપણે આપણા અહમને જ પકડી રાખીએ છીએ. એ અહમ આ રીતે પછી દેખા દે છે: "જો મેં તને કહ્યું હતું ને?" કે પછી, "મારું ન માન્યું ને?"

જાણે આપણે કહેતાં ન હોઈએ કે, જો તેં મારું ન માન્યું તો ભોગવ હવે! આ સ્ટેટમેંટ પર નિરાંતે વિચાર કરજો. મનના ઝાળાં દેખાય છે તેટલાં જ સીધા સાદા નથી. એમાં–ઊંડાણ વધુ છે. નિર્મળા તો ભોળે ભાવેજ કહી ગઈ. તેને ખ્યાલ પણ નહીં હોય કે એ માનસશાસ્ત્રીય રીતરસમોનો ઉલ્લેખ કરી ગઈ છે. "મેં નહોતું કહ્યું?" એમ કહેતાંજ તેનો પ્રતિભાવ "ન માન્યું તો લે ભોગવ" આમ હોય છે એ નિર્મળા નહોતી જ જાણતી. જાણતી હોત તો મને કહેત જ નહીં.

છતાંય, ચિંતનની ક્ષણ તેને મને આપી એમાં શંકા નથી. મનનાં ભાવના ગણિત કેવા અટપટા છે તેનું જ્ઞાન પણ નિર્મળાની નિર્દોષ વાતે જાણે કે મને આપ્યું.

× × ×

ટેલીફોનની ઘંટડી રણકી. બપોરના ત્રણ વાગ્યા આ – રવિવાર એ – બપોરના મોડા મોડાં જમીને જરા ઘેનમાં લેટ્યા હતાં ને ઊંઘમાં પડ્યા હતાં......

૧૫

ટેલીફોનની ઘંટડી એ ઉઠાડયા બધાને. પણ હિંમત તો એક જ કરી ઘંટડી લેવાની – મેં.

"હલ્લો..." (ત્રણ વખત.)

"હલ્લો..." સામેથી...

"હલ્લો..."

"જરા કામ હતું..."

"બોલો...શું?"

"બાજુમાંથી હસુભાઈને બોલાવવા છે..."

"ગાંધી કે દેસાઈ?"

થોડો ઈન્ટરવલ.

"પેલા ભાંડુપ ફેક્ટરીમાં કામ કરે છે ને?"

"બન્ને કરે છે! પણ એક ભાઈ પ્લાસ્ટીકના કારખાનામાં છે ને બીજા રંગ બનાવતા કારખાનામાં......કોનું કામ છે તમારે?" બગાસું હોઠ સુધી આવી જ ગયું હતું...ત્યાં જ સામેથી પાછું સંભળાયું :

"તમે હસુભાઈને ઓળખો છો?"

"બન્નેને. તમારે કોનું કામ છે એ નક્કી કરી લો ને મારા ભાઈ... તમારે હસુભાઈ ગાંધી જોઈએ કે હસુભાઈ દેસાઈ?"

"જૂઓને, માફ કરજો ભાઈ, પણ આ હસુભાઈ ચશ્મા પે'રે છે..."

"ચશ્મા તો બન્ને પહેરે છે. તમે તો ગુંચવાડો વધારતા જાવ છો... પાકું નક્કી કરીને જ નિરાંતે ફોન કરવો હતો ને..."

"હલ્લો...હલ્લો..." સામેથી મશીનગનની જેમ અવાજ આવવા શરુ થયા..."

"કેમ...શું થયું ભાઈ? શું વાત છે? આમ બૂમાબૂમ..."

"મને એમ કે તમે ફોન મૂકી દેતાં હશો તો...એટલે જરા મોટેથી..."

"તે હવે હળવેથી કહોને ભાઈ કે કયા હસુભાઈને બોલાવું? રવિવારની બપોર તમે તો મારી નાખી...ને હજીય નક્કી નથી કરતાં..."

"એક મિનિટ, એક મિનિટ...તેમના પત્નીનું નામ અલ્કા છે..."

પરણેલાં કે કુંવારા?"

"કેમ એમ પૂછો છો?" સામેથી જરા ફરીયાદી સૂર સંભળાયો.

"વાત એમ છે ભાઈ, હસુભાઈ ગાંધીની પત્નીનું નામ અલ્કા છે. હસુભાઈ દેશાઈનું સગપણ હમણાં જ થયું. તેની પત્નીનું નામ પણ અલકા જ છે..."

ફોન પર જે અવાજ આવ્યો છે તે તો તમને કેમ વર્ણવું? પણ એક વાત મને હજી નથી સમજાણી કે એ ફોન ખરેખર મારો તો ન્હોતો જ ને?


**જાહેર ખબરના દર :**

| | | |
|---|---|---|
| **અંદરના આખા પાનાના** | : | **રૂા. ૧૫૦/–** |
| **અંદરના અર્ધા પાનાનાં** | : | **રૂા. ૭૫/–** |
| **કવર પેપર બીજુ [અંદરની બાજુ]** | | **રૂા. ૨૦૦/–** |
| **કવર પેપર ત્રીજુ [અંદરની બાજુ]** | | **રૂા. ૨૦૦/–** |
| **કવર પેપર ચોથું [બહારની બાજુ]** | | **રૂા. ૨૫૦/–** |

**આખા વર્ષની જાહેર ખબર એક સાથે આપનારને એક માસની જાહેરાત ફ્રી છાપી આપવામાં આવશે.**

# મૃત્યુ નોંધ

૧. વંથલી (સોરઠ) નિવાસી વસા મોતીચંદ (ઉ. વ. ૭૫) કોલ્હાપુર મુકામે અવસાન પામેલ છે.

૨. મજેવડીવાળા મહેતા ગુલાબચંદ રૂગનાથના ધર્મપત્નિ દીવાળીબહેન (ઉ. વ. ૬૦) તે વોરા વીઠલજી ત્રીભોવન બોલ ગામડાવાળાના દીકરી અવસાન પામેલ છે.

૩. ઘંટીયા નિવાસી સ્વ. ધ્રુવ હંસરાજ પાનાચંદના ધર્મપત્નિ અચરતબેન (ઉ. વ. ૭૦) તે ધ્રુવ હિંમતલાલ તથા હસમુખલાલના બાબુ તથા પારેખ તારાચંદ જેચંદના સાસુ અને મહેતા દુલભજી રાયચંદના બેન ૩-૧૦-૭૩ ના રોજ અવસાન પામેલ છે.

૪. ધોરાજીનિવાસી સ્વ. શાહ જાદવજી રૂપજીના ધર્મપત્નિ મણીબેન તે શાહ ધરમદાસ જાદવજીના માતુશ્રી ધોરાજી મુકામે અવસાન પામેલ છે.

૫. જનાસાવાળા હાલ રાજકોટ શેઠ હરસુખલાલ મોતીચંદ (ઉં. વ. ૫૬) તે વૃંદાવનદાસ પ્રભુદાસ, તથા રસિકલાલના મોટાભાઈ અને થાણાદેવડીવાળા શાહ હેમચંદ વલ્લભજીના જમાઈ રાજકોટ મુકામે તા. ૧૫-૯-૭૩ ના રોજ સ્વર્ગવાસી થયા છે.

# - સગપણ -

૧. ધોરાજીવાળા પટવા વનેચંદ કાકરશીના સુપુત્ર ચી. શશીકાન્તનું સગપણ જેતપુરનિવાસી મહેતા હીરાલાલ શામળજીની સુપુત્રી ચી. અરૂણા સાથે થયેલ છે.

૨. જેતપુરનિવાસી શ્રી મનસુખલાલ ગુલાબચંદ શાહની દીકરી ચી. બહેન ચંદ્રિકાનું સગપણ, ધ્રાંફાનિવાસી (હાલ જુનાગઢ) શેઠશ્રી વ્રજલાલ તારાચંદ દોશીના સુપુત્ર ચી. વિનોદકુમાર સાથે થયેલ છે.

# વિચાર-દર્શન

> **હોપ** — આપણે તેમનો શોકથી એકવાર કરીએ છીએ અને આનંદથી તેમને વળગી રહીએ છીએ.

જીવનમાં સાચાં મૂલ્યો પૈસાથી ખરીદતાં નથી. શાંતિ અને સુમેળ વેચાતા મળતાં નથી. એમ થતું હોય તો દુનિયાના બધા સવાલો હલ થઈ જાત. આપણે જે કાંઈ કરી શકીએ તે માત્ર એટલું જ કે જીવનના સાચાં મૂલ્યો ખીલી શકે તેવા જમીન અને વાતાવરણ પૂરાં પાડીએ.

—જોહન ડી. રોકફેલર.

● સંસ્કાર વગરનો જ્ઞાની, વિવેક વગરનો શ્રીમંત અને વિચાર વગરનો ઉદ્યમ સરવાળે નુકશાનજ કરે છે.

—ધૂમકેતુ.

● માણસમાં સારું હોય એની સર્વ પ્રથમ પ્રશંસા કરો અને પછી એનામાં જે ખામીઓ હોય તેને દૂર કરવામાં મદદ કરો.

—કેદારનાથજી.

● જેને સારાસારનો વિવેક નથી તેને ઉપદેશથી સારી અસર થવાની શક્યતા છે, પરંતુ જે સારું શું છે તે જાણે છે છતાં આચરતો નથી એ ઉપદેશથી વધારે કઠોર બને છે.

—વિનોબાજી.

● બીજાઓની ભૂલો ઉપરથી શીખામણ લેજો. જીંદગી એટલી લાંબી નથી કે બધીજ ભૂલો તમને પોતાને કરી જોવાનો વખત મળે.

—કિશોરલાલ મશરૂવાળા.

● એવી કોઈ પણ વ્યક્તિ સંસારમાં નથી કે જેની પાસે જીંદગીમાં એકવાર પણ ભાગ્યોદયનો અવસર ન આવતો હોય. પરંતુ જ્યારે તે જુએ છે કે તે વ્યક્તિ તેનું સ્વાગત કરવાને માટે તૈયાર નથી ત્યારે તે અવળા પગે પાછો વળી જાય છે.

—કાર્ડીનલ.

● નિંદા કે ક્રોધથી જગતમાં એટલું અનિષ્ટ નથી થતું જેટલું ચમકતાં અને નમ્ર સ્વરમાં બોલાયેલા અસત્યથી થાય છે.

—જહોન રસ્કિન.

● જગતમાં કોઈ સર્વથી સારું નથી, કોઈ સર્વથી બુરું નથી. ભલાઈ-બુરાઈની આ અવિરત ગતિ જે ચાલુ રહી છે એનું નામજ સંસાર છે.

—અજ્ઞાન.

આ સામયિક શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ વતી શ્રી નરોત્તમ મંગળજી દોશીએ મોહન પ્રિન્ટીંગ એન્ડ સ્ટેશનરી માર્ટ, ૨૦, ઘોઘા સ્ટ્રીટ, મુંબઈ ૧ માં છપાવ્યું, અને ૫, ભંડારી લેન, પાઠકવાડી, મુંબઈ ૪૦૦ ૦૦૨ થી પ્રકાશન કર્યું.

# જ્યાં ને ત્યાં આમ ન રખડાવ મન
# તારૂં સરનામું ખરૂં સમજાવ મન

- લેખક શ્રી મધુભાઈ ભીમાણી

કોડભરી કન્યા મટી પુત્રવધુ થયાને રાધિકાને બહુ સમય નથી થયો. પિયરની પ્રીત વારે'તેવારે યાદ આવે છે. સ્મરણોના હિંડોળે થોડો સમય ઝૂલી લે છે, સાસુ-સસરા સમજણ વાળા મળ્યા છે. અદકેરા માન આપે છે. અને ચોથું ફૂલ મારા હૈયાના હારનું- ગૌરાંગનો ભરપૂર પ્રેમ મળી રહ્યો છે. સુખમાં દિવસો જાય છે.

ઘરમાં ચાર જણા - તેમનું કામ કેટલું હોય? તેમાં સાસુજી બધા કામમાં સાથ પુરાવે છે એટલે રાધિકાનું મન પણ રાજીપો અનુભવો છે. માત્ર રસોઈ બનાવતી વખતે તેનું મન ખાટું થઈ જાય છે. ખુબ બધા સવાલો મન કરવા લાગે છે. એમ થતાં કામમાં મન લાગતું નથી. વાત એમ છે કે તેની નણંદ - નયનાની રસોઈ પણ આ ઘરે થાય છે. રાધિકા પહેલા તેના સાસુ તેમ કરતા. છેલ્લા એકાદ વરસથી નયનાની તબિયત બરાબર રહેતી નથી. ચિંતા થાય તેમ તબિયત લથડતી જાય છે. જો કે આ વાત ગૌરાંગે લગ્ન પહેલા વાતવાતમાં કરી હતીઃ ''મારી બેન નયના બીમાર રહે છે. તેની આંગળીઓ વળી ગઈ છે. શરીર ક્યારેક અક્કડ થઈ જાય છે. બાને બહુ ચિંતા રહે છે. ઘરેથી રસોઈ કરીને મોકલવી પડે.'' પ્રથમ પરિણયના અલ્લડ અને રોમાંચક મૂડમાં એ વાતો સ્મરણમાં લાંબો ટાઈમ ન રહી. અને ક્યારેક વિચારો આવે તો એવા આવે કે એમાં શું? હું જ નયનાબેનની કાળજી લઈશ. એ તો મારી ફરજ છે.

પણ અવળચંડા મનને ભલભલા પૂરેપૂરૂં સમજી શક્યા નથી. આપણી સારી વાતોમાંકે સારા વિચારોમાં એ વચ્ચે ટાંગ લગાડે જ. નયના માટેની રસોઈ કરતાં કરતાં મનમાં અચૂક વિચાર નખોર ભરાવે જ કે થોડો સમય ઠીક છે પણ આતો રોજ કરવાનું થયું. દરરોજ આમ મારાથી કેટલો વખત થશે? રાધિકાએ ગૌરાંગ સાથે એક વખત વાત છેડી : ''નયનાબેનનું વજન ખૂબ વધી ગયું છે. ચરબી જ લાગે છે. વાંકા તો જરાય વળી શકતા નથી, કોઈ સારા ડોક્ટરને બતાવીયે'' ગૌરાંગે કહેલું : નયનાને મોટા ડૉક્ટરને ય બતાવી છે તેની સારવાર માટે કરજ કરીનેય ઉપચારો કર્યા છે. કોણ જાણે કેમ તેની તબિયતમાં સુધારો થતો જ નથી. વચ્ચે બે ત્રણ વાર ફીટ પણ આવી ગયેલ.

માનો જીવ છે. દીકરીની યાતના જોઈ દુઃખ થાય. હૃદય દ્રવે. નયનાની સમગ્ર પરિસ્થિતિ જોઈ માએ નક્કી કર્યુ કે તેના ઘરની સવાર-સાંજની રસોઈ પોતે કરશે. અશોકકુમાર આવીને ટિફિન લઈ જાય છે. ગૌરાંગે ઘણી વિગતે વાત કરી. રાધિકાને એ બધું સમજાતું હતું. પણ પોતાને ય એ બધું કરતા કષ્ટ પડે છે. કંટાળો ય આવે છે. આ બધું કેવું કોને? મુંગે મોઢે સહન કરવાનું થાય. બરાબર ત્યારે મન આવી કાનમાં ફૂંક મારે : શું તું ય તે! આ તો તારા માટે હંમેશનો બોજો આવી પડ્યો. તને એમ થાય કે આજે રવિવાર છે. ક્યાંક પિક્ચર જોવા જઈશું. તો તારે તો માથે ભાર હોય કે રસોઈનું શું? નયનાબેન તરફ ગુસ્સો થાય. પાછું મનમાં એ ય વિચાર આવે મમ્મી તો મદદ કરે છે ને મમ્મી ક્યાં ફરવા જવાની ના પાડે છે? આ બધુ ઘમસાણ મનમાં થયા જ કરે. લાગે કે મનના ઈરાદા રાધિકાને ચિડાવવાના હતા.

એક દિ' રસોઈ કરવામાં મોડું થઈ ગયું. અશોકકુમાર ટિફિન લેવા આવ્યા હતા. તેમને જોઈ રાધિકાએ રસોઈ બનાવવામાં ઝડપ વધારી. મમ્મી કોઈ પ્રસંગે બહાર ગયા હતા. અશોકકુમારે કહ્યું : ''અમારા માટે તમારે ખુબ તકલીફ ભોગવવી પડે છે. દરરોજ ટિફિન લેવા આવવાનું મનેય ગમતું નથી. પણ શું કરૂં?'' રાધિકાએ તુરંત કહ્યું : ''અરે શું બોલ્યા? આમાં તકલીફ શું? નયનાબેન જલ્દી સારા થઈ જાય એટલે બસ.'' અશોકકુમાર ગયા કે તુરંત જ મનમાં પાછી ઉથલપાથલ શરૂ થઈ. મનોમન રાધિકા બોલી : ''મેં કહ્યું કે અમને કોઈ તકલીફ નથી તે તમને સારૂં લગાડવાજ કહ્યું. બાકી હું તો હવે થાકી ગઈ છું. ક્યારેક મારૂ છટકશે તો તમારે અશોકકુમાર, આ ઘરમાં પગ મુકવો ભારે થઈ પડશે.'' અશોકકુમાર ગયા કે તુરંત જ મનમાં પાછી ઉથલપાથલ શરૂ થઈ. મનોમન રાધિકા બોલી : ગુસ્સો આવ્યો. ચીઢ ચઢી. મોં ચઢી ગયું. ઉદાસી વ્યાપી ગઈ. એટલી હદે મન વીક્ષિપ્ત થયું કે મમ્મી હાજર હોત તો કદાચ ઝઘડો પણ થઈ ગયો હોત.

તે રાતે જ રાધિકાથી રહેવાયું નહીં. એટલે ગૌરાંગને કહ્યું : ''મને થાય છે કે મારાથી ઝઘડો થઈ જશે.'' ''શું થયું? ઝઘડા સુધી મામલો પહોંચી ગયો?'' ગૌરાંગે પૂછ્યું. ''સાચું કહું? ખોટું નહીં બોલું. નયનાબેન માટે મારે રસોઈ કરવી પડે છે તે મને જરાયે ગમતું નથી. જો કે મમ્મીનો ભરપૂર સાથ છે છતાંય આ ભાર હવે સહેવાતો નથી. ગુસ્સો ય આવી જાય છે...'' ગૌરાંગે કહ્યું : ''આપણે તેમાંથી રસ્તો કાઢીશું ચિંતા ન કર.'' વાત ત્યારે પુરી થઈ. ગૌરાંગનું મન ચકરાવે ચઢ્યું. રાધિકાના સાલસ સ્વભાવથી તે પરિચિત હતો. રસોઈ કદાચ બહાનું હતું પણ રાધિકાની પીડાના મૂળમાં કૈક બીજું લાગે છે તેમ ગૌરાંગને લાગ્યું. મનના અવળચંડા સ્વભાવની બારીકાઈથી હજી પૂરેપરો પરિચિત ન હતો. મનની દ્વિધાથી કેટલા પરિચિત હશે? જો કે રાધિકાની નિખાલસતા તેને ગમી.

થોડા દિવસ વિત્યા. રાધિકાને સારા દિવસો જાય છે તેની જાણ સૌથી પહેલા મમ્મીને થઈ. રાધિકાનું વિશેષ ધ્યાન રાખવાનું શરૂ થયું. નયનાને ઘરેથી પણ કહેવામાં આવ્યું કે રાધિકાને વધું તકલીફ પડે એવું નથી કરવું. અમે ટિફિનની વ્યવસ્થા કરી લઈશું. જો કે ગૌરાંગ જાણતો હતો કે અશોકકુમારની આર્થિક સ્થિતિ આ ભાર ઉપાડી નહિં શકે. મમ્મીની ઉંમરના પ્રમાણમાં તેમનું ય સ્વાસ્થ્ય એકલા ભાર ઉપાડે તેવું રહ્યું નહોતું. કંઈક રસ્તો જરૂર નીકળશે તેવો ગૌરાંગને વિશ્વાસ હતો. મધ્યમ વર્ગના લોકોમાં આવું ટેન્શન દરરોજ રહેતું હોય છે.

એક દિવસ ડૉક્ટરને બતાવી આવું એમ કહી રાધિકા ઘરની બહાર નીકળી. પણ મનમાં ચાલતા મનોમન યુદ્ધથી તે બહુ થાકી ગઈ હતી તેથી તેની ખાસ સખી વંદનાને ઘરે પહોંચી ગઈ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ:
૦૯-૦૮-૧૯૨૭

દેહવિલય :
૨૧-૦૮-૨૦૧૭





## સ્વ. શ્રીમતી મંજુલાબેન પ્રભુદાસ સંઘવી

આપનું ધુપસળી જેવું સમગ્ર જીવન સ્વયંને ઓગાળી અમારું જીવન સુવાસથી ભરી દીધું.
આપની પ્રેરણા અમને સતત મળતી રહે એ જ પ્રભુ પાસ પ્રાર્થના કરતું આપનું કુટુંબ તથા સગાંસંબંધી

**પુત્રો**

કિશોરભાઈ, રમેશભાઈ, ગિરીશભાઈ,
નિલેશભાઈ અને ચેતનભાઈ

**પુત્રવધૂઓ**

ભારતીબેન, સોનલબેન, મયુરીબેન,
રેખાબેન અને વૈશાલીબેન



**પુત્રીઓ**

સ્વ.ભાનુબેન મહેન્દ્રભાઈ વોરા,
પ્રતીભાબેન પ્રવીણકુમાર વોરા,
કોકીલાબેન જગદીશકુમાર શાહ,
મીનાબેન હિતેષકુમાર વોરા



**પૌત્ર**

નીલ, કપિલ, કેજલ, આકાશ,
બાદલ, સાગર, ઈશાન

**પૌત્રી**

આશના, સલોની

**દોહિત્ર**

પુરબ

**દોહિત્રી**

મમતા, રિતુ, ડોલી,
જુલી, મીલી, અક્ષા

તેમજ સમસ્ત પ્રભુદાસ લીલાધર સંઘવી પરિવાર

Kayami - Aug.

રાધિકાએ શરૂમાં તો કેમ અચાનક આવી ચઢી એની વાત પોતાના સ્વાસ્થ્ય થી કરી. પછી ડૂમો ભરાઈ આવતા જે પીડા હતી તેની વાત ઉપર આવી ગઈને નણંદ બા નયનાબેનની લાચારી ભરી તબિયતની વાત જેમ હતી તેમ કરીને આ સ્થિતિમાં તેમના માટે દરરોજ રસોઈ કરવી પડે છે તેનું શૂળ પોતાના મનમાં કેવું વ્યાપી ગયું છે તે પણ નિખાલસતાથી કહી દીધું. કઈ છુપાવ્યું નહિ. વંદના એ બધું ધ્યાનથી સાંભળ્યું. પણ તેના ધ્યાનમાં એ પણ આવ્યું કે રાધિકાની વાણીમાં કટુતા વધારે હતી. **વિચારોના એક્ષ-રે નથી પડતા નહિતર ઘણી ખળભળાવી મૂકે તેની દાસ્તાનો સામે આવે.** વાત પૂરી કરી રાધિકાએ વંદનાને પૂછ્યું : ''મારી વાતો સાંભળી તને શું લાગે છે ?''

રાધિકાનો હાથ પોતાના હાથમાં લઈ વંદના ગંભીર વદને બોલી: ''તારી વાતોમાં તથ્ય છે. વિચારો આપણને કેવા કેવા આવી જાય છે તેમાં મનની ઘોંચપરોણો પણ મૂંઝવે. સારૂં જાણતા હોઈએ ને નઠારૂં જરાયે પસંદ ન હોય તો ય છેવટે નઠારૂં જ જીતે. મનનું તો એવું કે સારૂં ય બતાવે ને ખરાબે ય ચીંધે. જરાક અગવડ પડીકે મન ચેતી જાય. આપણું માહ્યલું અંતર કહે કે ભલે તકલીફ પડે પણ તું તારી ફરજ બજાવજે. રાધિકા, હું તને એવું કોઈ ભાષણ નહિં આપું.'' વંદના અટકી. રાધિકાએ તેની સામે જોયું. વંદના કોઈ ચિંતનમાં ગરકાવ થઈ ગઈ હોય તેમ લાગ્યું. રાધિકાએ પૂછ્યું : ''કંઈ વિશેષ કહેવા માંગે છે ?'' ''હા, રાધિકા તને વિશેષ કહેવા માંગું છું. પણ તેમાં તારો દોષ બતાવવા નયનાબેનની લાચારી છે તે તરફેય તને કાંઈ નહીં કહું. હું જરા જુદી રીતે વિચારૂં છું. એ માત્ર વિચાર જ છે. તારી સાથે શેર કરૂં છું.'' બન્ને વચ્ચે મૌન વ્યાપી ગયું. વંદનાએ કહ્યું. :

''જે કહું છું તે લાઉડ થીંકીંગ છે. મને વિચાર આવ્યા તે તને કહું છું. તને ખબર હશે કે આપણાં સમાજમાં ઘણાં ઠેકાણે સદાવ્રતો ચાલતા હોય છે. ક્યાંક ખીચડી ઘર ચાલતા હોય છે. મતલબ કે કોઈ અજાણ્યો કોઈ અજાણ્યા માટે મદદરૂપ થવા મથામણ કરતો હોય છે. આપણે આ જાણીયે છીએ. તું મારી બહેનપણી છે. મારામાં તને વિશ્વાસ છે એટલે જ મારી વાત તારી સમક્ષ મુકું છું. વિચાર કર રાધિકા, નયનાબેનની પરિસ્થિતિને કારણે તારે તેમના ઘર માટે રસોઈ કરવી પડે છે. મને તો આમાં દૈવી કૃપા દેખાય છે. ઉપર બેઠેલો ઈશ્વર, તેના સારા કામો આપણાં મારફતે કરાવવા માંગે છે. તારા હાથે સારૂં કામ થાય ને તારા સંસ્કારો ઝળકી ઉઠે તેમ ઈશ્વરની ઈચ્છા લાગે છે. નિમિતો મળી રહે ત્યારે આપણે સત્કર્મ તરફ વળીએ છીએ. તારૂં નયનાબેન માટે ટિફિન તૈયાર કરવું એ સત્કર્મ છે. ચણાના ઝાડ ચઢાવવા જેવું કામ હું તારા માટે ન જ કરૂં'' વંદના અટકી. રાધિકા જ્યારે વંદનાને ઘરેથી નીકળી ત્યારે માત્ર આટલું બોલી : ''આજે ઘરે ખોટું બોલી કે હું ડોક્ટરને ત્યાં મારૂં ચેકઅપ કરાવવા જાઉં છું. પણ હવે એમ લાગે છે કે એ ખોટું નહીં પણ સાચુજ કહેલું.'' પછી વંદનાને વળગી પડી. છેવટે ગળે વળગેલા ડૂમાને બાજુ પર કરી રાધિકાએ કહ્યું : ''તું તો અવ્વલ નંબરની ડૉક્ટર નીકળી. આપણાં અવળચંડા મનને કાબુમાં રાખવાનું છેવટે તો આપણાજ હાથમાં છે તે મને સહજતાથી સમજાવી દીધું.''

## દૂધ અને પાણીનો દિવ્ય પ્રેમ

રસોડામાં દૂધ અને પાણી બંને
આજુબાજુમાં હતા. દૂધને જોઈ પાણીએ વિચાર્યું:
મારી પાસે તો એક પણ ગુણ નથી
જ્યારે આ દૂધ સ્વયં ગુણોનોભંડાર છે.
હું દૂધને આશ્રિત થઉં તો હું ગુણવાન
થઈ જઉં આથી તેણે દૂધને પૂછ્યું
દૂધ - હું તારી સાથે આવી જાઉં? મારે પણ
તારી જેમ ગુણવાન બનવું છે.
તું સંમતિ આપે તો તારી સમીપ આવવું છે
પાણીની વાત સાંભળી ક્ષણાર્ધ દૂધ વિચારવા લાગ્યું
કે આ મારામાં ભળશે તો એ તો ગુણવાન થઈ જશે.
તેનું મૂલ્ય વધી જશે. પણ મારૂં ઘટી જશે.
પણ ના, મારે આવા સ્વાર્થી ન થવું જોઈએ.
કદાચ મારૂં મૂલ્ય ઘટે તો ભલે ઘટે.... મારી ગુણવત્તા તો નહીં
જ ઘટે. આમ વિચારી દૂધે ઉદાર ભાવે પાણીને પોતાનામાં
ભળવાની સંમતિ આપી. પાણી તરત જ દૂધમાં સમાઈ ગયું
મનોમન તે દૂધની ઉદારતાને વંદન કરવા લાગ્યું
થોડા સમય બાદ ઘરના માલિક આવ્યાં. તેમણે દૂધની
તપેલી ગરમ કરવા માટે ગેસ પર મૂકી. તેમણે ચાની તલપ
લાગી હતી. ગેસની આગ ધીરે ધીરે વધવા લાગી. તપેલી
ગરમ થવા લાગી. દૂધ અને પાણી બન્નેને ખ્યાલ
આવી ગયો કે આ અગ્ની આપણને ભસ્મીભૂત કરશે.
દૂધ કંઈ વિચાર કરે ત્યારે પહેલાં પાણી બોલ્યું
''તેં તો તારૂં સર્વસ્વ મને સમર્પિત કર્યું છે પણ આ
આગ રૂપી દુશ્મનની સામે હું
તને બળવા નહીં દઉં.'' પાણીએ શીઘ્ર વિચાર કર્યો
કે દૂધ નિસ્વાર્થ ભાવ રાખે અને હું સ્વાર્થ ભાવ ધારણ
કરૂં એ તો કેમ ચાલે...! દૂધે ઘણી ના કહી છતાં પાણી
ચૂપચાપ બળતું રહ્યું. સમય જતાં ઘણું બધું પાણી બળી
ગયું. આ વાત આમ તો અહીં પૂરી થાય છે.
લખાણનાં ઊંડાણે જ ઈ એ તો એ વિચાર જરૂર
સપાટી પર આવી કાનમાં એવો સંદેશો
ગણગણી જાય કે... આત્મિય વ્યક્તિના સ્થાને
પોતાની જાતને સંપૂર્ણપણે હોમી દે એને જ સાચો
સ્નેહ કહેવાય ને!!! પાણીએ પોતાની સાચી
પ્રીતિ બતાવી જાણી. સંબંધ હોય તો આવો સ્વાર્થશૂન્ય
સંબંધ. પ્રેમ હોય તો પરાકાષ્ઠાનો પ્રેમ!! લાગણી હોય તો
લેવાદેવાની ભાવના વિનાની લાગણી!!

**- મુનિ રાજસુંદર વિજય**

## શ્રદ્ધા સુમન



: જન્મ :
૦૧-૦૧-૧૯૩૩

: સ્વર્ગવાસ :
૧૬-૦૮-૨૦૧૬





રાણપુર (સોરઠ) નિવાસી

# નિર્મળાબેન (નીમુબેન) તનસુખલાલ દોશી

**જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આંખમાં અમી, દરિયા જેવું દિલ,**
**મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ,**
**વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા,**
**સુખને છલકાવ્યું નહિ, દુ:ખને દેખાડયું નહિ, હસતો રાખી ચહેરો,**
**કાયમી લીધી વિદાય અને મૃત્યુને પણ કર્યું અમર**
**પૈસો આપતા બધું ખરીદી શકાશે પણ મા તથા માની મમતા અને પ્રેમ ખરીદી શકાશે નહિ,**
**હે પરમકૃપાળુ પરમાત્મા, સદ્દ્ગત આત્માને શાશ્વત સુખ અને**
**પરમ શાંતિ અર્પે એવી અમારા સહપરિવારની પ્રાર્થના**

---

**તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને, ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઉઠયા,**
**યાદ તમારી આવતા, આંખલડી છલકાય છે. જોઈ તસવીર તમારી આંસુ ઉભરાય છે.**

---


### -: પ્રેમાળ પરિવાર : -

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | મનહર - મનોરમા, બિપીન - ભારતી, સતીશ - સુધા |
| પુત્રી - જમાઈ | : | ચંદ્રિકા - વિનોદરાય, યસુમતિ - નરેન્દ્રકુમાર, હર્ષા - અજયકુમાર |
| પૌત્ર - પૌત્રવધુ | : | બ્રિજેશ - મૌસમી, શ્રેયષ, અમિત તથા ભાવિન |
| પૌત્રી | : | નિધી, અવધી, રિયા તથા પરિતા |
| દોહિત્ર - દોહિત્રી | : | પ્રતીક, પ્રજ્ઞેશ, અક્ષય, દિપાલી, ફાલ્ગુની, કૃપાલી, સિદ્ધિ તથા નિરાલી |
| પ્રપૌત્રી | : | આયુષી, મહેક, આરુષી |

Kayami - Aug.

## ૧૫મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

**સુખ-દુ:ખમાં સદાય હસતા રહ્યા તમે,**
**સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,**
**હતા નજર સમક્ષ, પાપણ પલકારે મોક્ષ**
**પામી ગયા, જીવન એવું જીવી ગયા,**
**બધાને પ્રેરણા આપી ગયા, અણધાર્યા**
**છોડી ગયા જીવન છતાં જીવીત હોવાનો**
**ભાસ છે, દર્શન નથી તમારા દેહના પણ**
**હૃદયમાં તમારો વાસ છે.**



# સ્વ. શ્રી રમેશચંદ્ર નગીનદાસ મહેતા

**જન્મ : ૧૨-૧૨-૧૯૫૨**

**સ્વર્ગવાસ : ૦૯-૦૮-૨૦૦૮**

## લિ. શ્રી નગીનદાસ કપુરચંદ મહેતા પરિવાર

| | |
|---|---|
| **માતુશ્રી** | : સ્વ. મંજુલાબેન નગીનદાસ મહેતા |
| **પત્ની** | : શ્રીમતી મધુબેન રમેશચંદ્ર મહેતા |
| **ભાઈ - ભાભી** | : મયુર નગીનદાસ મહેતા - શ્રીમતી કીર્તિબેન મયુર મહેતા |
| **પુત્ર-પુત્રવધુ** | : સૌરભ રમેશચંદ્ર મહેતા - જીનાલી સૌરભ મહેતા |
| | અંકિત રમેશચંદ્ર મહેતા - કોમલ અંકિત મહેતા |
| | મહેક મયુર મહેતા - પ્રગતિ મહેક મહેતા |
| | રોનક મયુર મહેતા - અદિતિ રોનક મહેતા |
| **પુત્રી** | : બિજલ જીગરકુમાર વોરા |
| **પૌત્ર** | : રીશાન, મનય |
| **દોહીત્રી** | : પરી - ધનવી |
| **બહેનો** | : ઊર્મિલાબેન હસમુખરાય શાહ, તુલાબેન કમલેશકુમાર મહેતા |

## કિર્તીડિયામ (જ્વેલર્સ)

**૭/૮/૯, શંકર નગર, વલ્લભબાગ લેન, તિલક રોડ, કોર્નર,**
**ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦ ૭૭**
**ફોન : 022 2102 7083 / 2102 59 24**
**મયુર નગીનદાસ મહેતા : 98200 56226**
**મહેક મયુર મહેતા : 9930462343**

Kayami - Aug.



# ગં.સ્વ.વિજયાબેન ધીરજલાલ શેઠ (ઉ.વર્ષ.૮૮)

**સ્વર્ગવાસ : શુક્રવાર તા.૨૦-૦૮-૨૦૧૦**

## : અહર્નિશ વંદન :

સ્વ. છોટાલાલ હરખચંદ શેઠ (ઉના) ● જીવાલાલ બબજી ઠક્કર (રાણપુર-ભેંસાણ)

પુત્ર : શરદ - કિશોર ● પુત્રવધુ : મીના, જ્યોતિ ● પૌત્ર : ધવલ, સમીપ ● પૌત્રી : ધારા

પુત્રી - જમાઈ : કુમુદ પ્રવીણચંદ્ર શાહ, હસુમતી મણીકાંત મહેતા, કોકિલા શરદકુમાર મહેતા,
રેખા દિનેશકુમાર વડાલિયા, સ્મિતા મનીષકુમાર દોશી, નીતા મુકુન્દકુમાર પારેખ

દોહિત્ર - જમાઈ : મનીષ - મેઘાવી, હિરેન - ઊર્મિ, અમિત - અદિતિ, વિરલ - પીયુષા, દર્શન - ફેમિના

પ્રદોહીત્રી : મહેક, આરુષી ● પ્રદોહીત્ર : ક્રીશીવ

દોહીત્રી - જમાઈ : ખ્યાતી નિરવકુમાર પારેખ, સ્વાતી ભાવિકકુમાર ગોહિલ, વૈશાલી પ્રતિકકુમાર સરવૈયા,
વિધિ મીતકુમાર જાગાણી, રિદ્ધિ જેનીશકુમાર શાહ

પ્રદોહીત્ર : હર્ષિલ - ભવ્ય, વિહાન - હિતાંશ ● દોહિત્ર : સર્વેશ,


**કિશોર ધીરજલાલ શેઠ**

બી-૮૦૨, શુભમ લાવિસ્ટા, હેપ્પી હોમ કો.ઓ.હા.સો.લી., પંતનગર,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૫

**મો. : ૯૮૨૧૦૧૮૩૪૨**

Kayami - Aug.


# ૪૫મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



ચિ.સંજય

**દેહવિલય :**
**તા. ૨૨ ઓગષ્ટ ૧૯૭૮**

**૪૫ મી પુણ્યતિથિ**
**તા. ૨૨-૦૮-૨૦૨૩**



ચિ. પરેશ

ખીલીને કરમાય છે ફૂલો, એ તો નિયમ છે કુદરતનો,
અણખીલી કરમાય કળી, તો એ કુદરતને શું કહેવું ?
તમારી અણધારી વિદાયને ૪૫ વર્ષ પૂરા થયા.
તમારી સ્મૃતિઓ અને કાળના ક્રૂર જખમની યાદ હજુ રૂઝાઈ નથી
તમારો પ્રેમ, સ્નેહ અને માયાળુ સ્વભાવ અને
તમારા હસમુખા ચહેરાઓની સ્મૃતિની એ ઝલક
અમારા માટે જીવનનો સહારો બની છે.
તમારી યાદને અમારા હૃદયમાં સાચવીને
અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.
પ્રભુ તમારા આત્માને ચિર:શાંતિ બક્ષે એવી અભ્યર્થના

પિતાશ્રી : સ્વ. અમીચંદ જીવનભાઈ વોરા
માતુશ્રી : કંચનબેન અમીચંદ વોરા
સ્વ. નરોત્તમદાસ જીવનભાઈ વોરા
સ્વ. ગીરધરલાલ જીવનભાઈ વોરા

કુટુંબીજનો

રહેઠાણ : ડી-૫૦૮, કુશાલ ટાવર, શોપર્સ સ્ટોપ પાસે,
જી.એમ. રોડ, અમરમહાલ, ચેમ્બુર, મુંબઈ - ૪૦૦૦૮૯
ફોન : ૦૨૨ - ૨૫૨૫ ૧૫૩૬

Kayami - Aug.

૨૪મી પુણ્યતિથિએ માનભરી શ્રદ્ધાંજલી



## સ્વ. શ્રી મણિલાલ પાનાચંદ વસા

**જન્મ : ૧૨-૦૩-૧૯૧૪ ❖ સ્વર્ગવાસ : ૦૬-૦૮-૧૯૯૯**

**અન્યની વેદના જોયા પછી સંવેદના ન જાગે, તો આપણે માનવ કેમ કહેવાશું ?**
**માનવતા વિના ધર્મ શોભે નહિં. ધર્મ વિના માનવતા દીપે નહીં ,**
**આપની વિદાયને ૨૪મું વર્ષ પૂરું થયું. છતાં અમો હરપળે**
**આપની યાદ સદાય તાજી રાખીએ છીએ.**
**આપનૂ પ્રામાણિકતા, સૌજન્યશીલતા, વ્યવહારદક્ષતા તથા સદાય હસમુખ ચહેરો અને**
**કુંટુંબ ઉપયોગી સમર્પણની સુગંધ અમોને સદાય યાદ રહેશે.**
**આપની ૨૪મી પુણ્યતિથિએ એમો અમારી ભક્તિભાવભરી હ્રદયના ઊંડાણાથી**
**શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.**
**તમો ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચોતરફ મૂકતા ગયા.**

-: આપનાં :-

**પુત્રો** : હરકિશન, દિનેશ તથા જીતેન્દ્ર
**પુત્રવધુઓ** : કુસુમ, હંસા તથા હર્ષિદા
**પુત્રીઓ** : સ્વ. ભાનુબેન હસકિશનદાસ મહેતા
શારદાબેન પ્રમોદભાઈ વોરા, જ્યોતિબેન નરેશભાઈ શાહ
**પૌત્ર** : ગૌરવ, અંકિત **પૌત્રવધુઓ** : હિરલ, નીતિ
**પૌત્રીઓ** : અનિતા, સરીતા, સેજલ, પાયલ

૨૦૪, પોપ્યુલર એપાર્ટમેન્ટ. ૩૭ ટાગોર રોડ,
સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૪
મો.: ૯૮૧૯૮૪૩૪૨૫, ઘર : ૨૬૪૯ ૧૮૦૨

Kayami - Aug.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય : ૨૦/૨૪, જૂની હનુમાન ગલી, પ્રાગજીવૃંદાવન પ્રીમાઈસીસ કો.ઓ.
સોસાયટી લી., રૂમ નં ૪૩, ૩ જે માળે મુંબઈ -૪૦૦ ૦૦૨, ફોન : ૦૨૨ - ૨૨૪૦૦૨૪૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના

### ઓગષ્ટ માસના અનાજ વિતરણના કાયમી દાતા પરિવાર



**શેઠ શ્રી ગીરધરલાલ લવચંદ વસા**
**પરિવારના સૌજન્યથી**



**શેઠ શ્રી ગીરધરલાલ લવચંદ વસા**

**શ્રીમતી ગજરાબેન ગીરધરલાલ વસા**



**શેઠ શ્રી અમૃતલાલ રામજી શાહ**
**પરિવારના સૌજન્યથી**



**શેઠ શ્રી અમૃતલાલ રામજી શાહ**

**શ્રીમતી જેકુંવરબેન અમૃતલાલ શાહ**

### સપ્ટેમ્બર માસના અનાજ વિતરણના કાયમી દાતા પરિવાર



**શેઠ શ્રી જીવણલાલ વીરચંદ મહેતા**
**પરિવારના સૌજન્યથી**



**શેઠ શ્રી જીવણલાલ વીરચંદ મહેતા**

**શ્રીમતી જયાબેન જીવણલાલ મહેતા**

# અવસાન નોંધ:

## સોરઠ વિશા શ્રીમાળી જૈન મરણ

❑ રાણપુર ભેંસાણ નિવાસી, હાલ અંધેરી, મહેન્દ્રભાઈ ધીરજલાલ કોરડીયાના પત્ની હંસાબેન (ઉ.વ.૬૮) તા.૨૨-૦૭-૨૦૨૩ના અરિહંત શરણ પામેલ છે. તે વૈભવ તથા મનીષાના માતા, સોનલ તથા અભિજીત ડિંગાકરના સાસુ, આશા સંજય દોમડીયા, હિના દીપેન મહેતાના ભાભી, પિયર પક્ષે જોડિયા હાલ બોરીવલી વિપુલ કાંતિલાલ નાગ્રેચા, સ્વ. રજની, નલિની, ઉમા, સ્વ.અરૂણા, કલ્પના, જસ્મીના તથા બીનાના બહેન, લૌકિક વ્યવહાર બંધ છે.

❑ સ્વ. શ્રી જીવનલાલ વીરચંદ મહેતા કુટુંબના પુત્રવધુ શ્રીમતી મધુબેન મેહતા (ધર્મપત્ની - સ્વ. વિનોદભાઈ) ઉ.વ.૮૨, આજરોજ તા.૨-૮-૨૦૨૩, બુધવારના બપોરે ૧૨.૪૩ કલાકે નવકાર મંત્રનું સ્મરણ કરતાં તેમના નિવાસસ્થાને અરીહંત શરણ પામ્યા છે. સ્વ. શ્રીમતી દિવાળીબેન - સ્વ.હિંમતલાલ વસા, કલકત્તાના સુપુત્રી તેઓ પુનિતા જનક દેસાઈ, મમતા રાકેશ ઝવેરી, કવિતા મયંક વારીયા અને સ્વ.રશેષના માતોશ્રી હતા.

❑ થાણાદેવડી નિવાસી હાલ ડોમ્બિવલી ભરતભાઈ ચંદ્રકાન્ત શાહ (ઉ.વ.૫૫) તા.૨-૮-૨૦૨૩ના અરિહંત શરણ પામ્યા છે. નીલમ ચંદ્રકાન્ત શાહના પુત્ર, વિજયભાઈ તથા દીપકભાઈના મોટાભાઈ, અમૃતલાલ વિઠ્ઠલજી કોરડીયાના જમાઈ, નરેન્દ્રભાઈ તથા પ્રકાશભાઈના બનેવી. વિજય - મો.: ૯૮૬૭૩૫૧૬૯૪, દિપક - મો.: ૯૩૨૧૨૧૧૭૮૯, ખ્યાતિ - મો.: ૭૯૭૭૨૯૯૧૫૫

❑ ભુખલી સણથલી નિવાસી (હાલ - મુંબઈ, મલાડ) સ્વ.ધીરજબેન તથા સ્વ.જગજીવન વછરાજ દોશીના પુત્રવધુ અને સ્વ.નરમદાબેન તથા સ્વ.વછરાજ અવીચળ પટવાની સુપુત્રી તથા સ્વર્ગવાસી જશવંતરાય જગજીવન દોશીના ધર્મપત્ની શ્રીમતી સરલાબેન જશવંતરાય દોશી (ઉ.વ.૭૬) રમેશભાઈ, ભુપતભાઈ તથા વિજયભાઈ, પ્રવિણાબેન, સ્વ.હંસાબેન, સ્વ.નિરંજનાબેનના ભાભી, વિપુલ, નિલેશ તથા વિશાલના માતુશ્રી, દીપિકા તથા સુમિત્રાના સાસુ, યશવી, સૃષ્ટિ, નમ્ર તથા ક્રિષાના દાદી તે તા.૧૪-૮-૨૦૨૩ના બપોરના ૧૨.૧૨ કલાકે અરિહંત શરણ પામ્યા છે.

❑ પાટણવાવ નિવાસી, હાલ મુંબઈ સ્વ.જયસુખલાલ હેમચંદ વસાના ધર્મપત્ની વસંતપ્રભાના તા.૨૦-૬-૨૦૨૩, અષાઢ સુદ બીજના નવકારમંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પામેલ છે.

❑ છત્રાશા નિવાસી હાલ ભાંડુપ અ.સૌ.ભારતીબેન મધુસૂદનભાઈ વોરા (ઉ.વ.૬૦) તા.૨૯-૭-૨૦૨૩ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેઓ શ્રી મધુસૂદનભાઈ છોટાલાલ વોરાના ધર્મપત્ની, સ્વ.દીપેશ, વિશાલના માતુશ્રી, શોભનાના સાસુ, યશ્વીના દાદી. પિયર પક્ષ સ્વ.કલાવતીબેન વલ્લભજી ખાખરા ધોરાજી નિવાસી હાલ ભાંડુપ.

❑ થાણાદેવડી (અમરનગર) હાલ નાગપુર મગનલાલ જીવરાજભાઈ મહેતા (બેરમોવાળા) ઉંમર ૮૯ ગીરીશભાઈ, યોગેશભાઈ, નિલેશભાઈના પિતાશ્રી તથા રમણિકભાઈ મહેતા, સ્વ. હકિમચંદભાઈ, સ્વ. લલિતભાઈના ભાઈ - ભાદાજાલીયા હાલ મુલુંડ સ્વ. પરમાણંદ પ્રેમચંદ રામાણીના જમાઈ આજરોજ બુધવાર તા.૧૬-૦૮-૨૦૨૩ના નાગપુર મુકામે અરિહંત શરણ પામેલ છે.

# શબ્દ રચાય છે

શબ્દ રચાય છે, શબ્દ ઘડાય છે, શબ્દ મઢાય છે,
શબ્દ લખાય છે, શબ્દ વંચાય છે, શબ્દ બોલાય છે,
શબ્દ તોલાય છે, શબ્દ ટટોલાય છે, શબ્દ ખંગોળાય છે.

એજ રીતે.. શબ્દ બનાવે છે, શબ્દ સંવારે છે, શબ્દ સુધારે છે,
શબ્દ નિખારે છે, શબ્દ હસાવે છે,શબ્દ રડાવે છે,
શબ્દ મનાવે છે, શબ્દ મુસ્કુરાય છે, શબ્દ મુખારે છે,
શબ્દ પ્રખર છે, શબ્દ મધુર છે.

આટલું હોવા છતાં શબ્દ ચુભે છે, શબ્દ વેચાય છે,
શબ્દ ઘાવ આપે છે, શબ્દ તાવ આપે છે,શબ્દ લડાવે છે,
શબ્દ ઝઘડાવે છે, શબ્દ બગાડે છે, શબ્દ વિખેરાઈ છે.

પણ તોયે શબ્દ મરતા નથી, શબ્દ થાકતા નથી,
શબ્દ રોકાતા નથી, શબ્દ કોઈદી ચૂકતા નથી.

માટે શબ્દથી રમો નહી, વગર વિચારે બોલો નહી,
શબ્દોને માન આપો, શબ્દોને સન્માન આપો,
શબ્દો પર ધ્યાન આપો, શબ્દોનો ઓળખાણ આપો,
શબ્દોને ઊંચી ઉડાન આપો, શબ્દોને આત્મસાત કરો,
શબ્દોનો આવિષ્કાર કરો. કેમ કે...

શબ્દો અણમોલ છે, મુખમાંથી નીકળતો બોલ છે
શબ્દોમાં ધાર છે, એનો મહિમા અપાર છે,
શબ્દોનો વિશાળ ભંડાર છે, સાચી વાત તો એ છે કે.....
શબ્દોને પોતાનું એક કુટુંબ છે,
શબ્દોને હંમેશા સન્માન આપો

# SHREE SORATH VISHASHREEMALI JAIN SAMAJ. MUMBAI

## સાંસ્કૃતિક કાર્યક્રમ

# ras garba



President- Kiritkumar Prabhulal Mehta

Convenor- Ashish V. Mehta  Co-Convenor- Kamal K. Doshi

## MAIN DONOR OF RASS GARBA EVENT

SHRI. RAMESHBHAI PRABHUDASBHAI SANGHVI PARIVAR

## DONOR FOR THE VENUE / HALL

SHRI. ZAVERCHAND JHUTHABHAI VASA PARIVAR

## DONOR FOR SOUND & MUSIC

SMT. NIRMALABEN KANTILAL NANDLAL VORA PARIVAR

## SAHYOGI DONOR

AQUATIC REMEDIES LIMITED. MUMBAI

## PRIZES SPONSOR BY

ZOOMNEXT MOBILE & ACCESSOIRES

## ASSOCIATE DONORS

1. SMT. GULABBEN CHHAGANLAL BHANSALI PARIVAR
2. SMT. INDIRABEN DALICHANDBHAI PAREKH PARIVAR
3. SHRI JAYANTBHAI VRAJLAL MEHTA PARIVAR
4.SMT. JAYABEN MAHASUKHLAL SANGHAVI PARIVAR
5. SHRI. RAJESHBHAI HARSHUKHLAL KORADIA PARIVAR
6.SHRI. NAUTAMLAL BHAGVANJI SHAH PARIVAR
7. SHRI. DEVCHAND KARAMCHAND VASA PARIVAR
8. SHRI. DHIRAJLAL MANJI MEHTA PARIVAR
9. SVJS MANDAL, BORIVALI
10. SVJS UTKARSH MANDAL, MULUND
11. SHRI. SURESHBHAI JAYANTILAL SHAH PARIVAR
12. SHRI. SHAILESHBHAI VRAJLAL VORA PARIVAR
13. SHRI. JAYANTBHAI CHUNILAL DOSHI PARIVAR
14. SHRI. KISHORBHAI LALCHAND RAMANI PARIVAR
15. SHRI. JAYESHBHAI CHUNILAL VASA PARIVAR
16. SVJS MAHILA MANDAL, BORIVALI
17. SMT. JYOTIBEN PRAVINCHANDRA VORA
18. SHRI. PRAVINCHANDRA C. VORA
19. SMT. PRAFULABEN KISHORBHAI VORA PARIVAR




Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vitheldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR